RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 338* Date: 05.10.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ૭૦ વર્ષ સુધી ૩ પરિવારોએ રાજ કર્યું: અમિત શાહ

## મોદીના નારા એ લોકો માટે જવાબ છે જે કહેતા હતા કે જો કલમ ૩૭૦ હટશે તો આગ લાગશે અને લોહીની નદીઓ વહેશે

શ્રીનગર,તા.૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમવારથી જમ્મુ-કાશ્મીરના ૩ દિવસના પ્રવાસે છે. ગૃહમંત્રી અમિત શાહ રાજૌરીમાં રેલીને સંબોધન કર્યું છે. શાહે કહ્યું- ૩ પરિવારોએ જમ્મુ-કાશ્મીર પર ૭૦ વર્ષ સુધી શાસન કર્યું. લોકશાહીને માત્ર પોતાના પરિવારની જ બનાવી લીધી હતી. ત્રણ પરિવારોએ લોકશાહી અને પેઢીઓ સુધી શાસન કરવાનું બનાવી દીધુ હતુ.શાહે વધુમાં કહ્યું- પહેલા જે અધિકાર ૩ પરિવાર પાસે હતો, આજે ૩૦ હજાર લોકોને તે અધિકાર મળ્યો છે. રેલીમાં મોદી-મોદીના નારા એ લોકો માટે જવાબ છે, જેઓ કહેતા હતા કે કલમ ૩૭૦ હટાવી દેવામાં આવશે તો આગ લાગી જશે અને લોહીની નદીઓ વહેશે. જો કલમ ૩૭૦ અને ૩૫૭ હટાવવામાં ન આવી હોત તો જમ્મુ-કાશ્મીરમાં ટ્રાઈબલ રિઝર્વેશન ન મળ્યું હોત.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૩ દિવસની મુલાકાતે જમ્મુ પ્રવાસે છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ તેમનું સ્વાગત કર્યું હતુ. ૪ ઓક્ટોબરની સવારે અમિત શાહે વૈષ્ણો દેવી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. પૂજા કર્યા બાદ રાજૌરીમાં જનસભાને સંબોધી. આ સાથે ત્યાં અનેક વિકાસના પ્રોજેક્ટો પણ શરૂ કરવામાં આવ્યા હતાં

અમિત શાહે કહ્યું કે ઉપરાજ્યપાલ મનોજ સિન્હા જમ્મુ-કાશ્મીરમાં વિકાસના કામને આગળ વધારી રહ્યા છે. અહીં ૭૦ વર્ષ સુધી શાસન કરનારા ત્રણ પરિવારોને માત્ર પરિવારની ચિંતા હતી. અહીં



માત્ર ત્રણ જ પક્ષોનું શાસન હતું જેને લોકોની ચિંતા ન હતી. તેમણે કહ્યું કે આ નરેન્દ્ર મોદીની સરકાર છે. તમારા અધિકારોને કોઈ દબાવી નહિ શકે.રાજૌરીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં આજે રેલી, મોદી.... મોદીના નારા એ લોકો માટે જવાબ છે જે કહેતા હતા કે જો કલમ ૩૭૦ હટશે તો આગ લાગશે અને લોહીની નદીઓ વહેશે. તેમણે કહ્યું હતું કે, આજે નવરાત્રિનો છેલ્લો દિવસ છે, માતા વૈષ્ણોદેવીજીનાં દર્શન કર્યા પછી હું અહીં ખુશહાલ કાશ્મીરનાં આશીર્વાદ માંગીને આવ્યો છું.રાજૌરી જિલ્લામાં સભાને સંબોધતા અમિત શાહે કહ્યું કે, ૭૦ વર્ષ સુધી ત્રણ પરિવારોએ જમ્મુ-કાશ્મીર પર રાજ કર્યું, લોકતંત્રનું નિર્માણ માત્ર તેમના પરિવારોમાં જ થયું. શું તમને બધાને ક્યારેય ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતનો અધિકાર મળ્યો છે? ત્રણ પરિવારોએ લોકશાહીને લોકોથી દુર રાખી હતી.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે મહાનવમીના અવસર પર જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાના ત્રિકુટા પર્વત પર પ્રસિદ્ધ માતા વૈષ્ણો દેવી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી, જેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. શાહની સાથે ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહ પણ હતા. નવ દિવસના નવરાત્રી મહોત્સવના અંતિમ દિવસે માતાને જોવા માટે અમિત શાહ હેલિકોપ્ટર દ્વારા સાંઝી છત પહોંચ્યા હતા.ગૃહમંત્રી અમિત શાહની જમ્મુ કાશ્મીરમાં મુલાકાત ને લઈને સુરક્ષા કારણોસર રજોરી જીલ્લામાં ઈન્ટરનેટ સેવા ઠપ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સી દ્વારા એવી આશંકા બતાવવામાં આવી હતી કે ઈન્ટરનેટનો ઉપયોગ દુર્ભાવનાપૂર્ણ દુરુપયોગ કરીને સાર્વજનિક વ્યવસ્થામાં ખલેલ પહોચાડી શકે છે. શાહની આ રેલી પહેલા જમ્મુ-કાશ્મીરના ડીજી જેલ એચકે લોહિયાનું ગળું કાપીને હત્યા કરવામાં આવી છે. તેના ઘરેલુ નોકર પર હત્યાની શંકા છે.

આ સાથે જ ત્યાં રહેતા પહાડી ભાષી લોકોને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની જાહેરાત કરી શકાય છે. જમ્મુ અને કાશ્મીરના રાજૌરી, હંદવાડા, પૂંછ અને બારામુલ્લામાં પહાડી ભાષી લોકોની મોટી વસ્તી છે. ૫ ઓક્ટોબરે તેઓ શ્રીનગરના રાજભવનમાં યોજાનારી બેઠકમાં જમ્મુ-કાશ્મીરની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. શ્રીનગર અને બારામુલ્લામાં વિવિધ પ્રતિનિધિમંડળોને પણ મળશે. ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે વૈષ્ણો દેવી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. તેમની સાથે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ પણ હાજર હતા. શાહ સોમવારે રાત્રે જમ્મુમાં ડોગરા, ગુર્જર, બકરવાલ, પહારી સમાજ અને શીખ સમુદાયના પ્રતિનિધિઓને મળ્યા હતા.૪ લાખથી વધુ પહાડી ભાષી વસ્તી ૧૯૬૫ થી માંગ કરી રહી છે કે તેમને એસટીનો દરજ્જો આપવામાં આવે. જો સૂત્રોનું માનીએ તો, ૧૯૬૫માં, જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા એસટીનો દરજ્જો આપવા માટે કેટલીક જાતિઓની યાદી તૈયાર કરી ભારત સરકારને મોકલી હતી, જેમાં ગુર્જર, બકરવાલ અને અન્ય જાતિઓનો સમાવેશ થતો હતો. તે સમયે કોંગ્રેસની સરકાર હતી.અમિત શાહે શ્રીનગરમાં ભાજપના અનેક નેતાઓને મળ્યા હતાં અને શ્રીનગરમાં શાહ ઉપરાજ્યપાલ મનોજ સિંહા સાથે ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો બેઠકમાં જમ્મુ-કાશ્મીર અને કેન્દ્રની પોલીસ, સીએપીએફઅને ગુપ્તચર એજન્સીઓ ના વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપી હતી ગૃહમંત્રીના જમ્મુ- કાશ્મીરના પ્રવાસ પહેલા ૨૮ સપ્ટેમ્બરે ઉધમપુરમાં ૮ કલાકના અંદર બે બસોમાં બ્લાસ્ટ થયા હતા.

## કર્ણાટકમાં ભારત જોડો યાત્રાનો હિસ્સો છે નક્સલી-માઓવાદી? ભાજપ નેતા

બેંગ્લુરૂ,તા.૪

ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભાના સભ્ય લહર સિંહ સિરોયાએ સોમવારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને એ સ્પષ્ટ કરવા માટે કહ્યું કે, શું નક્સલી-માઓવાદી અને તેમના સમર્થક કર્ણાટકમાં કોંગ્રેસની ‘ભારત જોડો યાત્રા’નો હિસ્સો છે? લહર સિંહ સિરોયાએ રાહુલ ગાંધી અને કોંગ્રેસમાં ધારાસભ્ય દળના નેતા સિદ્ધારમૈયા પાસે કેટલાક મુદ્દાઓ પર સ્પષ્ટીકરણ આપવાની માગણી કરતા ૧૦ સવાલ પૂછ્યા છે. તેમણે સવાલ કર્યો કે, શું કોંગ્રેસ રાજ્યમાં નક્સલીઓ-માઓવાદી અને તેમના સમર્થકોની ગતિવિધિઓની કેન્દ્રીય એજન્સીઓ પાસે તપાસ કરાવવાની માગણી કરશે?

ભાજપના સાંસદે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે, જોકે તેઓ કર્ણાટકમાં પદયાત્રા કરી રહ્યા છે એટલે શું હું રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયા પાસે નિમ્નલિખિત મુદ્દાઓ પર દેશ અને રાજ્યને સ્પષ્ટીકરણ આપવાનો અનુરોધ કરી શકું છું? શું તેઓ એ વાતની પુષ્ટિ કરી શકે છે કે નક્સલી-માઓવાદી અને તેમના સમર્થક ‘ભારત જોડો યાત્રા’ના કર્ણાટક ચરણનો હિસ્સો નથી? શું આ લોકો યાત્રાની યોજનામાં સામેલ હતા? તેમણે પૂછ્યું કે શું તેઓ પુષ્ટિ કરી શકે છે કે હાલના વર્ષોમાં કેટલાક કોંગ્રેસીઓ મીડિયા પ્રતિષ્ઠાનોની સ્થાપના અને સંચાલન માટે રકમ ભેગી કરવા માટે નક્સલીઓ અને માઓવાદીઓની મદદ કરી છે?

શું તેઓ ધનના સ્રોતોની તપાસ માટે સહમત થશે? ૩૦ સપ્ટેમ્બરના રોજ ચામરાજનગરના ગુંડલુપેટના રસ્તે કર્ણાટકમાં પ્રવેશ કરનારી ભારત જોડો યાત્રા સોમવારે મૈસૂર પહોંચી ગઈ. સિરોયાએ કર્ણાટકમાં વર્ષ ૨૦૧૩ થી વર્ષ ૨૦૧૮ વચ્ચે સત્તાધારી કોંગ્રેસ સરકારના કામકાજ પર શંકા વ્યક્ત કરતા સિદ્ધારમૈયાને આ અવધિમાં નક્સલીઓ વિરુદ્ધ તેમની સરકારની નીતિ બાબતે બતાવવા કહ્યું. તેમણે સવાલ કર્યો કે, શું તેઓ એ વાતની પુષ્ટિ કરી શકે છે કે સિદ્ધારમૈયાના નેતૃત્વવાળી સરકારે જાણીજોઈને આ વાતને નજરઅંદાજ કરી કે નક્સલી-માઓવાદી પોતાના અભિયાનને મજબૂત કરવા માટે એક પ્રસિદ્ધ પત્રકારની મોતનો ફાયદો ઉઠાવી રહ્યા છે?

શું સિદ્ધારમૈયાના મિત્રોએ પત્રકારની યાદમાં શ્રદ્ધાંજલિ સભા આયોજિત કરવા માટે નક્સલીઓને આર્થિક સહાયતા આપી? સિરોયા જે પત્રકારનો ઉલ્લેખ કરી રહ્યા છે તે સંભવતઃ ગૌરી લંકેશ છે, જેમની ૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બેંગ્લોરના રાજેશ્વરી નગર સ્થિત તેમના આવાસ પાસે ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. ભાજપના સાંસદે પૂછ્યું કે, સિદ્ધારમૈયાના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકાર શું પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાની જેમ નક્સલીઓ-માઓવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખતી હતી? તેમના કાર્યકાળમાં કેટલાક ભૂમિગત તત્વો કેમ ખૂલીને સામે આવ્યા?

## ભાજપના શાસનમાં એમસીડી નીચેથી ૧૦ નંબર પર રહી : આમ આદમી પાર્ટી

નવીદિલ્હી,તા.૪

ભાજપ અને આમ આદમી પાર્ટી હાલના દિવસોમાં માત્ર ગુજરાત વિધાનસભા ચુંટણી માટે જ એક બીજાને નિશાન બનાવી રહ્યાં નથી પરંતુ દિલ્હીમાં યોજાનાર નગર નિગમ ચુંટણી માટે પણ બંન્ને પોત પોતાની શક્તિઓ લગાવી રહ્યાં છે.

હવે તાજેતરમાં આવેલ સ્વચ્છ સર્વેને જ જોઈએ તો ભાજપના શાસન વાળી એમસીડી જયાં સફાઉનો લઇ રેકીંગ સુધારવાનો દાવો કરી રહ્યાં છે ત્યા આપનો આરોપ છે કે ભાજપના રાજમાં એમસીડી નીચેથી ૧૦માં નંબર પર રહી છે.

સ્વચ્છતા સર્વેની રેકિંગને લઇ એમસીડીનું કહેવુ છે કે દક્ષિણ દિલ્હી નગર નિગમની રેકીંગ ગત વર્ષથી ત્રણ અંક સુધરી ૨૮ થઇ ગઇ છે જયારે પૂર્વ દિલ્હી નગર નિગમની રેકિંગ છ સ્થાન સુધરી ૩૪ પર આવી ગઇ છે જયારે ઉત્તર દિલ્હી નગર નિગમની રેકીંગ આઠ સ્થાન સુધરી ૩૭ રહી છે.

જો કે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને એમસીડી પ્રભારી દુર્ગેશ પાઠકે સ્વચ્છતા સર્વેને લઇ એકવાર ફરી ભાજપ શાસિત એમસીડીને ઘેરી છે.

આપે ભાજપ પર પ્રહારો કરતા કહ્યું કે ૪૫ શહેરોમાં દિલ્હી ૩૭માં સ્થાન પર રહી છે ગત ૫-૬ વર્ષોના સ્વચ્છતા સર્વેમાં દિલ્હી સતત ઉપરથી નીચે નહીં પરંતુ નીચેથી ટોપ ૧૦માં પોતાની જગ્યા બનાવી રહી છે દિલ્હીની જનતાને દરેક ગલી ચારસ્તા નુક્કડ પર કચરો અને ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે તેઓ તેનાથી પરેશાન થઇ ગયા છે અને આઝાદી ઇચ્છે છે.

તેમણે કહ્યું હતું કે અમે ઇચ્છીએ છીએ કે તાકિદે એમસીડી ચુંટણી થાય આમ આદમી પાર્ટી ભારે બહુમતિથી જીતી એમસીડીમાં આવશે અને દિલ્હીના ત્રણેય કચરાના પહાડોને ખત્મ કરે આપ દિલ્ગીને ફકત દેશમાં જ નહીં પરંતુ પુરી દુનિયામાં સૌથી સ્વચ્છ શહેર બનાવવા પર કામ કરશે.

## વડાપ્રધાન ગુસ્સામાં છે અને એલજી તેમના ઈશારે કામ કરી રહ્યા છે : આમ આદમી પાર્ટી

### રાજયપાલે મહાત્મા ગાંધી અને પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની જયંતિ પર આયોજિત કાર્યક્રમ પ્રત્યે ‘અસમ્માન‘ પ્રગટ કરવાનો આરોપ લગાવ્યો હતો

નવીદિલ્હી,તા.૪

દિલ્હીના ઉપ રાજયપાલ વી.કે.સક્સેનાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના મંત્રીઓ પર બે ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધી અને પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની જયંતિ પર આયોજિત કાર્યક્રમ પ્રત્યે ‘અસમ્માન‘ પ્રગટ કરવાનો આરોપ લગાવ્યો હતો. હવે આના પર આમ આદમી પાર્ટીએ પલટવાર કર્યો છે.

પાર્ટી તરફથી જાહેર કરેલ નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે મુખ્યમંત્રી એટલા માટે કાર્યક્રમમાં સામેલ ન થઈ શક્યા કારણકે તે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા. આ ઉપરાંત પાર્ટીએ ઉપરાજયપાલ પર પીએમ મોદીના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ કહ્યુ કે આ કામ ઉપરાજયપાલે પીએમ મોદીના ઈશારે કર્યુ.

બે ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધી અને પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની જયંતિ પર રાજઘાટ અને વિજય ઘાટ પર એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને અન્ય મંત્રી ઉપસ્થિત નહોતા. આના પર ઉપરાજયપાલએ અનુપસ્થિતિને અસ્વીકાર્ય ગણાવી દીધી હતી. વળી, ઉપરાજયપાલે કેજરીવાલને આ અંગે એક પત્ર પણ લખ્યો હતો. પત્રમાં લખ્યુ હતુ કે કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ ધનખડ અને પીએમ મોદી સહિત ઘણા લોકો શામેલ થયા હતા પરંતુ બંને કાર્યક્રમમાં મુખ્યમંત્રી ન આવ્યા અને તેમના કોઈ પણ મંત્રી પણ ન આવ્યા.

વળી, ઉપરાજયપાલના આ આરોપ પર આમ આદમી પાર્ટીએ પલટવાર કર્યો છે. પાર્ટી તરફથી કહેવામાં આવ્યુ છે કે મહાત્મા ગાંધી અને પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીની જયંતિ પર છેલ્લા ઘણા વર્ષોમાં કેજરીવાલ હંમેશા શામેલ થયા છે. પરંતુ આ વખતે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવા ગયા હતા. આ જ કારણ હતુ કે તે કાર્યક્રમમાં શામેલ થઈ શક્યા નહિ. સાથે જ આમ આદમી પાર્ટીએ ઉપરાજયપાલ પર પીએમ મોદીના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટી તરફથી કહેવામાં આવ્યુ છે કે બે દિવસ પહેલા પીએમ મોદીના અમદાવાદના કાર્યક્રમમાં ખુરશીઓ ખાલી હતી. વળી, કેજરીવાલે ગુજરાતના એક આદિવાસી વિસ્તારમાં વિશાળ જનસભાને સંબોધિત કરી હતી. આ જ કારણ છે કે પીએમ મોદી ગુસ્સામાં છે અને તેમના નિર્દેશ પર ઉપરાજયપાલે પત્ર લખ્યો.

## ખડગેને ચર્ચા માટે ચેલેન્જ આપીને થરૂર પલટ્યાઃ અમારી વચ્ચે કોઈ વૈચારિક મતભેદ નથી, અમારે ભાજપ સામે લડવાનું છે અંદરોઅંદર નહીં

નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસ અધ્યક્ષ પદના ઉમેદવાર શશિ થરૂર ચૂંટણી માટે સાર્વજનિક ચર્ચાની વાતથી ફરી ગયા છે. હવે તેઓ કહે છે કે અમારો મુકાબલો ભાજપ સામે છે, અંદરોઅંદર નહીં. થરૂરે એક દિવસ પહેલાં જ અધ્યક્ષ પદની ચૂંટણી લડી રહેલા મલ્લિકાર્જુન ખડગેને જાહેરમાં ચર્ચા માટે ચેલેન્જ આપી હતી. ખડગેએ કહ્યું હતું કે આ પારિવારિક મામલો છે, અમારે ભાજપ સામે લડવાનું છે. સોમવારે સવારે થરૂરે કહ્યું હતું કે હું ખડગે સાથે સહમત છું. અમારી વચ્ચે કોઈ વૈચારિક મતભેદ નથી.

આની વચ્ચે, કોંગ્રેસ ચૂંટણી ઓથોરિટીના પ્રમુખ મધુસૂદન મિસ્ત્રીએ પાર્ટીના રાષ્ટ્રીય તેમજ પ્રદેશ પદાધિકારીઓને ગાઈડ લાઈન આપી છે. એ અનુસાર રાષ્ટ્રીય મહાસચિવ, પ્રદેશ પ્રભારી, સચિવ, સંયુક્ત સચિવ, પ્રદેશ અધ્યક્ષ, સદનમાં પાર્ટીના નેતા, ફ્રંટલ સંગઠનોના અધ્યક્ષ, વિભાગો અને સેલના પ્રમુખ તથા પાર્ટી પ્રવક્તા જો કોઈ પ્રતિસ્પર્ધીનો ચૂંટણી પ્રચાર કરવા ઈચ્છે તો તેણે પહેલા પદ પરથી રાજીનામું આપે.

એક દિવસ પહેલાં થરૂરે જાહેર ચર્ચા માટે માંગ કરી હતી. શશિ થરૂરે રવિવારે કહ્યું હતું કે ઉમેદવારોની વચ્ચે સાર્વજનિક ચર્ચા થવી જોઈએ. લોકો આવી ચર્ચા જોવા માંગે છેઅને તેના માટે તૈયાર પણ છે. આનાથી લોકોની પાર્ટીમાં રુચિ પેદા થશે, જેમ કે હાલમાં બ્રિટનમાં કંઝરવેટિવ પાર્ટીના નેતૃત્વ પદ માટે ચૂંટણીને લઈને થઈ હતી. કોંગ્રસ પાર્ટીના સદસ્યોના દિલમાં નહેરુ-ગાંધી પરિવારની હંમેશાં ખાસ જગા રહી છે અને રહેશે.

## સુપ્રીમ કોર્ટે એક મહિનામાં ૮૪૯ કેસનો નિકાલ કર્યો, ૬૯૪૬૧ કેસ હજુ પેન્ડિંગ છે

નવીદિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટે એક મહિનામાં ૮૪૯ કેસનો નિકાલ કર્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં આ માહિતી આપવામાં આવી છે. આ મુજબ આ વર્ષે ઓગસ્ટના અંત સુધીમાં ૭૦,૩૧૦ કેસ કોર્ટમાં પેન્ડિંગ હતા. તે જ સમયે, સપ્ટેમ્બરના અંતમાં ૮૪૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ પછી હવે સુપ્રીમ કોર્ટમાં ૬૯,૪૬૧ કેસ પેન્ડિંગ છે. ૬૯,૪૬૧ પેન્ડિંગ કેસોમાંથી ૫૦,૫૦૮ એડમિશન સંબંધિત કેસો છે જ્યારે ૧૮,૯૫૩ કેસો રેગ્યુલર છે.

પ્રવેશ સંબંધિત ૫૦,૫૦૮ કેસોમાંથી ૩૮,૮૨૦ કેસ એવા છે કે જેની સુનાવણી થવાની છે જ્યારે ૧૧,૬૮૮ એવા કેસ છે જે હજુ અધૂરા છે. મતલબ કે જો કોઈની ફી બાકી છે, તો કોઈને નોટિસ મળી નથી. તે જ સમયે, ૧૮,૯૫૩ નિયમિત સુનાવણીના કેસોમાં ૧૮,૮૯૪ કેસોની સુનાવણી થવાની છે, જ્યારે ૫૯ આવા કેસ છે, જેની સુનાવણી હજુ થશે નહીં. મતલબ કે ૧૬.૯૧ ટકા કેસ અધૂરા છે. અત્યારે આ અંગે કોઈ સુનાવણી થશે નહીં.

પડતર કેસોના નિકાલ માટે પાંચ, સાત અને નવ ન્યાયાધીશોની બેન્ચની રચના કરવામાં આવી છે, જે મહત્વની બાબતોની સુનાવણી કરશે. કુલ ૩૩૮ કેસની સુનાવણી પાંચ જજ કરશે. આમાંથી ૪૨ મુખ્ય કેસ છે જ્યારે ૨૯૬ જોડાયેલા છે. તે જ સમયે, સાત જજોની બેંચ કુલ ૧૭ કેસોની સુનાવણી કરશે. તેમાંથી સાત મુખ્ય કેસ છે જ્યારે ૮ જોડાયેલા છે. તે જ સમયે, ૯ જજોની બેન્ચ કુલ ૧૩૫ કેસની સુનાવણી કરશે. તેમાંથી, પાંચ મુખ્ય કેસ છે, જ્યારે ૧૩૦ જોડાયેલા છે.

યુયુ લલિતના ચીફ જસ્ટિસ બન્યા બાદ તેઓ પેન્ડિંગ કેસના ઝડપી નિકાલમાં વ્યસ્ત છે. તે જૂના કેસની સતત સુનાવણી કરીને તેનો અંત લાવવા માંગે છે. ૧૧ ઓક્ટોબરથી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ ૩૦૦ કેસોની સુનાવણી શરૂ થવા જઈ રહી છે. ચીફ જસ્ટિસ યુયુ લલિતે ગયા બુધવારે આદેશ જારી કરીને આ મામલાની માહિતી આપી હતી. આમાંનો એક જૂનો કેસ ૧૯૭૯નો છે. આ સિવાય લગભગ બે ડઝન કેસ ૧૯૯૦ થી ૨૦૦૦ વચ્ચેના છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા કાર્યભાર સંભાળ્યાના પહેલા જ દિવસે એક્શનમાં જોવા મળ્યા હતા. તેમણે એક દિવસમાં ૫૯૨ કેસ સાંભળ્યા. સુનાવણી માટે ૯૦૦ કેસોની યાદી આપવામાં આવી હતી.

પરંતુ તેમાંથી ૫૯૨ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. છેલ્લા એક વર્ષમાં આ પહેલો પ્રસંગ હતો જ્યારે કેસ દાખલ થયા બાદ એક જ દિવસમાં આટલા કેસોની સુનાવણી થઈ હતી. આમાંના મોટાભાગના કેસો જાહેર હિતની અરજીઓ હતા. આ મામલાઓમાં કર્ણાટકમાં રાફેલ ડીલથી લઈને હિજાબ વિવાદનો સમાવેશ થાય છે.

## તંત્રી સ્થાનેથી...

# અન્ન યોજનાનો વિસ્તાર




*કેન્દ્ર સરકારે વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાની અવધિ વધુ ત્રણ મહિના સુધી વધારવાનો પ્રશંસનીય નિર્ણય લીધો છે. માર્ચ, ૨૦૨૦થી ચાલી રહેલ આ યોજના અંતર્ગત ગરીબ પરિવારોને પ્રતિ વ્યક્તિ પાંચ કિલો અનાજ દર મહિને મફત આપવામાં આવે છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા અંતર્ગત આવનાર લગભગ ૮૦ કરોડ લોકો આ યોજનાના લાભાર્થી છે. કોરોના મહામારી ફેલાતી અટકાવવા માટે લગાવવામાં આવેલ લોકડાઉન અને અન્ય પ્રતિબંધોને કારણે ગરીબ પરિવારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એટલે જ સરકારે થોડી રાહત આપવાના હેતુસર પહેલેથી મળી રહેલ સસ્તા રાશન ઉપરાંત મફત અનાજ વિતરણની વ્યવસ્થા કરી હતી, પહેલા ચરણમાં આ યોજના ત્રણ મહિના માટે જ હતી, કારણ કે આશા હતી કે આપણે જલ્દી કોરોના મહામારીમાંથી બહાર નીકળી જઈશું. પરંતુ કોરોનાનો પ્રકોપ લાંબા સમય સુધી ચાલુ રહ્યો. એવામાં આ યોજનાની અવધિ વધારવામાં આવતી રહી છે, જે ૩૦ સપ્ટેમ્બરે સમાપ્ત થવાની હતી.*

*જોકે સરકાર દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવી છે અને અર્થવ્યવસ્થા ધીમે ધીમે પાટા પર ચડવા લાગી છે, પરંતુ હજુ પણ બધું જ મહામારીના પહેલાંના સ્તર સુધી નથી પહોંચ્યું. વિભિન્ન ઘરેલુ અને વૈશ્વિક કારકોને લીધે કામકાજની અપેક્ષિત તકો ઊભી નથી થઈ રહી તથા મોંઘવારી પણ ઘણી વધી ગઈ છે. આ સ્થિતિમાં અત્યંત ગરીબ વર્ગને હજુ પણ મદદની જરૂર છે. એટલે વડાપ્રધાન ગરીબકલ્યાણ અન્ન યોજનાને વધારવી સ્વાગતયોગ્ય છે. સામાન્ય રીતે ખાદ્ય સુરક્ષા અંતર્ગત ઉપલબ્ધ કરાવવામાં આવતા સસ્તા અનાજો દર પણ બે-ત્રણ રૂપિયા પ્રતિ કિલો છે. મફત અનાજ યોજનામાં અત્યાર સુધી ૧૦૦૦ લાખ ટનથી વધુ અનાજ વહેંચવામાં આવ્યું છે તથા અત્યાર સુધી આ યોજનાનો ખર્ચ ૩.૪૦ લાખ કરોડ રૂપિયાની આસપાસ થયો છે. જોકે રાજકોષ પર દબાણની વાત પોતાની જગ્યાએ સાચી છે, પરંતુ આ યોજનાના વિભિન્ના પાસાં પર પણ ધ્યાન આપવું જોઈએ, મહામારી દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના દરેક વર્ગ, ખાસ કરીને ગરીબોને ભરોસો અપાવ્યો હતો કે સરકાર તેમને દરેક પ્રકારે મદદ આપવાની કોશિશ કરશે. ઉદ્યોગ જગત તથા ઉદ્યમીઓને આર્થિક રાહત મળી અને નિયમ-કાયદામાં પણ જરૂરી સંશોધન થયાં, નાના કારોબારીઓ અને સ્વરોજગારમાં લાગેલા લોકોને પણ બેહદ આસાન શરતો પર લોન ઉપલબ્ધ કરાવવાની કોશિશ થઈ. તાત્કાલિક રાહત અને દૂરગામી પરિણામોને જોતાં આ ઉપાયોની પ્રશંસા કરવામાં આવતી રહી છે. અનાજ યોજનાએ મોટી આબાદીની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાની સાથે મોંઘવારીને કેટલીક હદ સુધી નિયંત્રિત કરવામાં પણ યોગદાન આપ્યું છે.*

# મ્યાનમારના શરણાર્થી ઉગ્રવાદીઓ સાથે મળી ભારતમાં તસ્કરીમાં સામેલ

આઈઝોલ,તા.૪

મ્યાનમારના શરણાર્થી ભારતમાં તસ્કરીમાં પણ સંડોવાયેલા છે. પૂર્વોત્તરનાં ઉગ્રવાદી સંગઠનો સાથે મ્યાનમારના અમુક શરણાર્થી ભારતમાં દુર્લભ વિદેશી જીવ, ડ્રગ્સ અને વિદેશી સિગારેટ તસ્કરી કરીને લાવે છે. મ્યાનમાર સાથેની સરહદે જોડાયેલો મિઝોરમનો ચંપાઈ જિલ્લો વન્યજીવો સહિત અન્ય વસ્તુઓની તસ્કરી માટે મુખ્ય રૂટ બની ગયો છે.

મણિપુરનો મોરેહ પણ આ સિલસિલામાં ચર્ચામાં રહ્યો છે. ૨૦૨૦માં મિઝોરમમાં મ્યાનમારના માર્ગે ૨૦.૩૬ કિલો હેરોઈન પકડાયું હતું. જોકે ૨૦૨૧માં ૩૪.૫૨ કિલો હેરોઈન પકડાયું હતું.

ચાલુ વર્ષના પ્રથમ છ માસિકગાળા દરમિયાન આશરે ૨૦ કિલો હેરોઈન પકડાયું હતું. માદક પદાર્થ રાખવા અને તસ્કરી મામલે અત્યાર સુધી પકડાયેલા કુલ ૩૭૪ લોકોમાં મોટા ભાગના મ્યાનમારના નાગરિકો છે.

મિઝોરમની પોલીસના ડીજી(હેડક્વાર્ટર) જોન નેઈહલિયાએ કહ્યું કે અમુક ડ્રગ્સ રેકેટે મિઝોરમના અનેક લોકોને તસ્કરીમાં સામેલ કરી લીધા છે. મ્યાનમારના શરણાર્થીઓની સાથે ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સામેલ થનારા સ્થાનિક મિઝોરમના લોકોમાં મોટા ભાગે એવા લોકો છે જે ક્રાઈમથી કિનારો કરી ચૂક્યા છે.

મિઝોરમ અને મ્યાનમારની સરહદ પરસ્પર જોડાયેલી છે. મિઝોરમનાં સરહદી ગામડાંઓમાં રહેતા લોકો અને મ્યાનમારના આવનારા મોટા ભાગના શરણાર્થીઓ વચ્ચે જનજાતીય સંબંધ પણ છે. ચીન જેવા જનજાતીય સમૂહના પરસ્પર સંબંધો પણ છે. મ્યાનમારથી આવનારા આ લોકો મિઝોરમમાં રહેતા તેમના સંબંધીઓના નામે બેનામી જમીનો પણ ખરીદી રહ્યા છે.

મ્યાનમારના શરણાર્થી ઈન્ડોનેશિયાથી લવાતા વાંદરાની પ્રજાતિ ઉરાંગઉટાંગને મિઝોરમથી બીજા સ્થળોએ ઊંચા ભાવે વેચે છે. મ્યાનમારના શરણાર્થી ભારતમાં સૂકી સોપારી, ડ્રગ્સ, કપડાં અને બર્મી સિગારેટ વગેરેની પણ તસ્કરી કરે છે.

મ્યાનમારથી ભારતમાં થતી તસ્કરીને ત્યાંના સૈન્ય સરમુખત્યાર સંપૂર્ણ મદદ પૂરી પાડે છે.મ્યાનમારથી ભારતમાં એન્ટ્રી કરનારા તસ્કરોને કવર અપાય છે. તસ્કરોને બોર્ડર પણ પાર કરાવાય છે. મિઝોરમ પોલીસે ૨૦૨૧માં ડ્રગ્સની સાથે કુલ ૧૨ મ્યાનમારના નાગરિકોની ધરપકડ કરી હતી. ચાલુ વર્ષે ઓગસ્ટ સુધીમાં આ સંખ્યા વધીને ૩૫ થઈ ગઈ.

# સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, આહવા ખાતે ગરબા મહોત્સવ યોજાયો

આહવા: તા: ૪: સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, આહવા ખાતે તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજ ગરબા મહોત્સવનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

મહા આરતી, પુજાથી ગરબા મહોત્સવની શરૂઆત કરવામા આવી હતી. મહા આરતીમા કોલેજના આચાર્ય ડૉ.યુ.કે.ગાંગુર્ડે, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓએ માતાજીની આરતી કરી હતી.

કાર્યક્રમના બીજા તબકકામા કોલેજના વિદ્યાર્થીઓ ગરબાના તાલે ઝૂમ્યા હતા. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે આચાર્યશ્રી ડૉ.યુ.કે. ગાંગુર્ડેએ વિદ્યાર્થીઓને




પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યશ ઉપરાંત કોલેજનો સમગ્રસ્ટાફ પણ વિદ્યાર્થીઓ સાથે ગરબે ઝૂમ્યા હતા. કાર્યક્રમમા કોલેજના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. કોલેજનુ સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉલાસમય બની ગયુ હતુ.

ગરબામહોત્સવમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે બેસ્ટ પરફોમસ અને બેસ્ટ કોસતુયને ધ્યાનમા રાખીને મૂલ્યાંકન કરવામા આવ્યુ હતુ. ગરબા મહોત્સવ કાર્યક્રમનુ આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શનમા સાંસ્કૃતિક સમિતિએ કર્યુ હતુ

નરેન્દ્ર પવાર, ડાંગ

# ફિલ્મ જગતના આંસુ, સ્ટેજ પર ફોર્મન્સ દરમિયાન ઓડિયા સિંગર મુરલી મહાપાત્રાનું નિધન

## મુખ્યમંત્રી નવીન પટનાયકે મુરલી મહાપાત્રાના નિધન પર શોક વ્યક્ત કર્યો

ભુવનેશ્વર,તા.૪

લોકપ્રિય ઓડિયા ગાયક મુરલી મહામાત્રાનું અવસાન થયું છે. ઓડિશાના કોરાપૂર જિલ્લામાં એક દુર્ગા પૂજા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્ટેજ પર પરફોર્મ કરતા સમયે મુરલી મહાપાત્રા અચાનક ફસડાઈ પડ્યા હતા અને તેમનું નિધન થયું હતું. મુરલી મહાપાત્રા છેલ્લા ઘણા દિવસોથી બિમાર હતા. દુર્ગા પૂજા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ચાર ગીત ગાઈને તેઓ ખુરશી પર બેસી ગયા હતા. જે બાદ તેમની બેહોશ થઈ જતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ડોક્ટરે તેમના મૃત્યુનું કારણ હાર્ટ એટેક આપ્યું છે. મુરલી મહાપાત્રાના ભાઈ વિભૂતિ પ્રસાદ મહાપાત્રાએ જણાવ્યું કે, હાર્ટ એટેકને કારણે તેમનું અવસાન થયું હતું. અહેવાલો અનુસાર, ગાયક મુરલી મહાપાત્રા રાજનહર પૂજા મંડપમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં પરફોર્મ કરી રહ્યા હતા. તેમણે બે ગીતો ગાયા



બાદ, તેમને ખુરશી પર બેસી ગયા હતા અને અન્ય ગાયકોને સાંભળતા હતા, ત્યારે તેમને અચાનક ફસડાઈ પડ્યા હતા. મુરલીના મોતના સમાચાર મળતા જ વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

મુખ્યમંત્રી નવીન પટનાયકે મુરલી મહાપાત્રાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. નવીન પટનાયક દ્વારા ઓડિયામાં ટ્વીટ શેર કરીને લખ્યું હતું કે, લોકપ્રિય ગાયક મુરલી મહાપાત્રાના નિધન વિશે જાણીને દુઃખ થયું. તેમનો મધુર અવાજ શ્રોતાઓના હૃદયમાં હંમેશા જીવંત રહેશે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના છે. મુરલી મહાપાત્રા જેપોરના અક્ષય મોહંતી તરીકે પણ જાણીતા હતા. મુરલી મહાપાત્રા સુપ્રસિદ્ધ ઓડિયા ગાયક, ગીતકાર અને સંગીતકાર અક્ષય મોહંતીની ગાવાની શૈલી માટે જાણીતા હતા. મુરલી સિંગિંગમાં નસીબ અજમાવતા પહેલા, જેપોર ડેપ્યુટી કલેક્ટર ઓફિસમાં ક્લાર્ક તરીકે કામ કરતા હતા. મુરલી મહાપાત્રા એક સરકારી કર્મચારી છે, અને તેઓ વર્તમાન સમયમાં પણ જેપોર સબ-કલેક્ટરની ઓફિસમાં કામ કરતા હતા.

# આદિપુરુષના નિર્માતાને ગૃહમંત્રીએ કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપી

ભોપાલ,તા.૪

અભિનેતા પ્રભાસ, સૈફ અલી ખાનની ફિલ્મ આદિપુરુષના કેટલાક દ્રશ્યો સામે ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ વાંધો ઉઠાવ્યો છે. ગૃહમંત્રી મિશ્રાએ ફિલ્મના નિર્માતાને કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપી છે. ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ મંગળવારે કહ્યું કે હું ફિલ્મના નિર્માતા ઓમ રાઉતને પત્ર લખીશ.

મિશ્રાએ ચેતવણી આપી હતી કે જો વાંધાજનક દ્રશ્યો હટાવવામાં નહીં આવે તો કાર્યવાહી કરવામાં આવશે.

ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ કહ્યું કે ફિલ્મમાં એક વાંધાજનક દ્રશ્ય છે. બતાવ્યા પ્રમાણે આપણી શ્રદ્ધાના કેન્દ્રબિંદુઓ. તે સારા નથી. હનુમાનજીના શરીરના વસ્ત્રો ચામડાના બનેલા બતાવવામાં આવ્યા છે. જ્યારે હનુમાનજીના નિરૂપણમાં અલગથી કહેવામાં આવ્યું છે કે, કાનન કુંડળ, કુંચિત કેસા, હાથ બજ ઓર ધ્વજા વિરાજે, જેમાં તેમના તમામ અંગો વસ્ત્રો તરીકે વર્ણવવામાં આવ્યા છે.

ગૃહમંત્રીએ કહ્યું કે આ અમારી આસ્થા પર હુમલો છે. આ એવા દ્રશ્યો છે જે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. ગૃહમંત્રીએ કહ્યું કે હું ફિલ્મના નિર્માતા ઓમ રાવતને આ પ્રકારના દ્રશ્યો હટાવવા માટે પત્ર લખી રહ્યો છું. જો તે નહીં હટાવે તો પછી અમે કાયદાકીય કાર્યવાહી અંગે વિચારણા કરીશું.

ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા બાદ ફિલ્મમાં રાવણનો રોલ કરી રહેલા સૈફ અલી ખાનના લૂકને લઈને પણ ટીકા થઈ રહી છે. તેના પર હિન્દુ મહાસભાએ પણ રાવણના દેખાવની નિંદા કરી છે. મહાસભાના પ્રમુખ ચક્રપાણિ મહારાજે કહ્યું કે ભગવાન શિવના ભક્ત લંકાપતિ રાવણની ભૂમિકામાં સૈફ અલી ખાનને એવી રીતે દર્શાવવામાં આવ્યો છે કે જાણે તે આતંકવાદી ખિલજી, ચંગીઝ ખાન કે ઔરંગઝેબ હોય. તેમણે કહ્યું કે અમારા પૌરાણિક પાત્રો સાથે ચેંડા સહન કરવામાં આવશે નહીં.

બીજેપી પ્રવક્તા માલવિકાએ ફિલ્મમેકર ઓમ રાઉત પર પણ નિશાન સાધ્યું હતું. માલવિકાએ કહ્યું કે આદિપુરુષ ફિલ્મમાં રામાયણને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો છે. તેણે કહ્યું કે ફિલ્મમાં રાવણને જે રીતે દર્શાવવામાં આવ્યો છે તે ખોટું છે.

# તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆર દશેરાના દિવસે રાષ્ટ્રીય પક્ષની જાહેરાત કરશે

હૈદરાબાદ,તા.૪

તેલંગાંણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ દશેરાના દિવસે પોતાની રાષ્ટ્રીય પાર્ટીની જાહેરાત કરશે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનસુાર, એવુ માનવામાં આવી રહ્યુ છે કે, સીએમ કેસીઆર દશેરાના દિવસે પોતાની રાષ્ટ્રીય પાર્ટીની જાહેરાત કરશે. ટીઆરએસ પાર્ટીની બેઠકમાં વિજયા દશમીના દિવસે ૫ ઓક્ટોબરના દિવસે હૈદરાબાદના ભવનમાં થશે આની બેઠક. આ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવી શકે છે.

રિપોર્ટ અનુસાર સીએમ કેસીઆર હૈદરાબાદની બેઠક બાદ રાષ્ટ્રીય રાજનીતિ પ્રતિ પોતાનો વિચાર વ્યક્ત કરી શકે છે. એ પણ માનવામાં આવી રહ્યુ છે. ટીઆરએસ પાર્ટીના નેતાઓનું એક પ્રતિનિધિ મંડળ પાર્ટીનું નામ બદલવા માટે દિલ્હી જેવા માટે રવાના થશે. સૂત્રો અનુસાર એવું પણ કહેવામાં આવી રહ્યુ છે. કેસીઆર. ૯ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય રાજધાનીમાં એક જનસભાને સંધોન કરશે. ટીઆરએસ પાસે નેતા શ્રીધર રેડ્ડીએ જણાવ્યુ હતુ કે, રાષ્ટ્ર ના લોકો એક રાષ્ટ્રીય મંજદૂર મંચની તલાશમાં છે. કેમ કે, એનડીએ શાસનના તમામ પાસાઓમાં નિષ્ફળ રહી છે. કેસીઆર રાષ્ટ્રીય મંચ અન રાષ્ટ્રીય સ્તર પર જવાની વાત કરી હતી. તેમણે કહ્યુ કે, ગુજરાત મોડલ સંપૂર્ણ રીતે નિષ્ફળ રહ્યુ છે. ટીઆરએસના એક નેતા શ્રીધર રેડીએ જણાવ્યુ હતુ કે, ×રાહ જુઓ કે સીએમ કેસીઆર રાષ્ટ્રીય પાર્ટીના નામની જાહેરાત કરશે× બીજી તરફ તેલંગાણા પીસીસી અભિયાન સમિતિના અધ્યક્ષ અને પૂર્વ સાંસદ મધુ ગૌડ યસ્ખીએ જણાવ્યુ હતુ કે, તેલંગાણાના સીએમ એક રાષ્ટ્રીય પાર્ટી બનાવવાનો કોઈ અર્થ નથી.

તાજો છે
ભૂલ્યો ભૂલાય નહીં ,
ઘાવ તરો તાજો છે.
પંપાળીએ ઉંડો થયો,
ઘાવ તરો તાજો છે.
મલમ કામ ન આવે,
સાવ તરો તાજો છે.
જેણે પણ આપ્યો,
ઘાવ તરો તાજો છે.
દવા દર્દ બની ગઈ,
ઘાવ તરો તાજો છે.
હવા પણ ઝેરી થઈ,
ઘાવ તરો તાજો છે.
ભરત વૈષ્ણવ
૦૪.૧૦.૨૦૨૧.#કવિતા

# આ દશેરાએ રાવણનું પૂતળું નહીં બળે કે શું?

એક વાત કહું છું . ખોટું લાગે તો માફ કરજો.( આવું લખવાથી લેખ ચોટદાર અને અસરકારક બને છે. માફી માંગનાર મહાન છે.એટલે લેખક આપોઆપ મહાન આદમીના લિસ્ટમાં આવી જાય છે!!)ભગવાન રામને મહાન કોણે બનાવ્યા? ઓફ કોર્સ લંકેશ રાવણે!!જો રાવણ દ્વારા સીતામાતાના અપહરણ અને ક્રિયાની પ્રતિક્રિયા સમાન રામ રાવણ યુધ્ધનું પ્રકરણ રામના જીવનમાંથી દૂર કરવામ્ં આવે તો ભગવાનનું જીવન સામાન્યજન જેવું સાધારણ રાજન જેવું, આરોહ અવરાહ વિનાનું ચિલાચાલું, શુષ્ક થઇ જાય. બેશક વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનીઅભિરક્ષાર્થે આઉટસોર્સિંગ ધોરણે પ્રભુ ગયેલા અને બેચાર રાક્ષસોનો વધ કરેલ. પ્રભુએ ચૌદ વરસના વનવાસ છૂટક છૂટક ધોરણે અને સેમી જથ્થાબંધ ધોરણે દૈત્યોનો સંહાર કરેલો. પરંતુ, ખરી કીર્તિ તો રાવણને હણ્યા પછી મળી હતી. આમ, જોઇએ તો એ સમયના ખંડકાળમાં સ્ત્રીના અપહરણ પોલીસ સ્ટેશનમાં ગુના અંગે જાણવા જોગ અરજી આપવા જેટલા સર્વસામાન્ય અને સર્વ વ્યાપક હતા.યુધ્ધ જેવી વિભીષિકા પશ્ચાત્ પરાજિત રાજ્યની સંપતિ, સ્ત્રીઓની સરેઆમ લૂંટફાટ થતી હતી , જેનો ઇક્રાર થઇ શકે તેમ નથી!!

રાવણ અતિ વિદ્વાન વિપ્ર હતો. રાવણ અતિ સાહસિક પુરૂષ હતો. તેની સિધ્ધિઓ અસામાન્ય હતી. ભોળા શંકરને પ્રસન્ન કરવા માટે ઉગ્રતમ તપશ્ચર્યા કરી હતી. જેના ભાગરૂપે કૈલાસ પર્વત ઊંચકવાનું અપ્રતિમ સાહસ કર્યું હતું. એ સમયે સોશિયલ મિડીયા હાલના જેટલું સક્રિય ન હતું અને રાવણનું આઇટી સેલ પ્રચાર કરવામાં ઊણું ઉતર્યું હતું, અન્યથા હર ઘર રાવણનો પ્રચંડ નારો ગુંજતો હોત તેમાં શંકાને કોઇ સ્થાન નથી.રાવણનો વૈભવ અદાણી અને અંબાણી કરતાં શ્રેષ્ઠતમ હતો.ધન કુબેર ( જે કે તેનો સ્ટેપ બ્રધર હતો એવું કહેવાય છે!) પાસેથી પુષ્પક વિમાન છીનવી લીધું હતું. એ સમયે પૃથ્વી પર ચાર્ટર પ્લેન માત્ર અને માત્ર રાવણ પાસે હતું. જો કે એમાં ઈંધણ ભરવા આઇઓસી કે ભારત પેટ્રોલિયમના પંપ હતા કે શી વ્યવસ્થા હતી તેનો ક્યાંય ઉલ્લેખ નથી.

ગ્રહો આટલા દૂર હોવા થતાં આપણી જન્મ કુંડળીમાં બળજબરીથી પ્રવેશ કરે છે. માર્ગી કે વક્રી ચાલે ચાલીને આપણું જીવન ઉલટપલટ કરે છે. શનિ મહારાજ તો સાડા સાતી કે અઢી વરસની પનોતી કે ઢૈયારૂપે પ્રવેશ કરીને ટોરનેડો વાવાઝોડા જેવી અસરો સર્જે છે!! આવા અળવીતરા ગ્રહો માત્ર અને માત્ર રાવણ પાસે મિયાની મીંદડી થયા હતા .સાહેબ નવે નવ ગ્રહ આંખ ઝુકાવીને નતમસ્તકે રાવણ સન્મુખ અદબભેર ઉભા રહેતા હતા. રાવણના ભ્રકુટી વિલાસની પ્રતીક્ષા કરતા હતા ( લો ઠોકો તાલી. આવી સિચ્યુએશન પ્રભુ પણ ક્રિએટ કરી શકયા ન હતા!)

ભગવાન રામને રામેશ્વરમાં યજ્ઞયજ્ઞાદિ જેવી વિધિ કરાવવાની હતી. એ સમયે પુરોહિતની આવશ્યકતા ઉપસ્થિત થઇ હતી.એ સમયે રાવણ સંકટ સમયની સાંકળ બનેલા. લંકાધીશ હોવા છતાં ગોરમહારાજનો સાઇડ બિઝનેસ કરી બે સોનામહોર મેળવી બે પાંદડે થવાની કોશિશ કરતો હતો. રાવણે યજ્ઞની શાસ્ત્રોક્ત રીતે વિધિ વિધાનપૂર્વક વિધિ સંપન્ન કરાવી હતી. યજ્ઞાંતે રામને વિજયી થવાની આશીર્વાદ આપેલા. દુશ્મનને આશીર્વાદ આપવાનું ઔદાર્ય કેવળ અને કેવળ રાવણ પાસે હતું. કદાચિત રામ ભગવાન પણ આ પ્રકારનું યથોચિત ઔદાર્ય દાખવી શકયા હોત કે કેમ તે સવાલ છે!!રાવણ મહાન નીતિન પણ હતો. રાવણ જ્યારે આખરી શ્વાસ લેતો હતો .ત્યારે ભગવાન રામે અનુજ લક્ષ્મણને રાજનીતિના પાઠ શીખવા મોકલે હતો. અલબત, લક્ષ્મણજીએ રાજા બન્યા ન હતા. તેથી રાજનીતિના પાઠ કેટલા ઉપયોગી બન્યા તેનું ઔચિત્ય શું રહ્યું તે અલગ વિચારણાનો મુદો છે!!

કોઇ પણ સાથે દુશ્મની કે વેર તે વ્યકિતના મરણપર્યંત હોય કે હોવું જોઇએ. સદીઓ પહેલાં ભગવાન રામ- રાવણનું યુધ્ધ થયેલું. રામ ભગવાને રાવણનો વધ કરેલો. સીતા માતાજીની અગ્નિ પરીક્ષા કરાવ્યા પછી સજોડે પુષ્પક વિમાનમાં અયોધ્યા પરત આવેલા.પછી રાવણનો છાલ છોડવાનો હોય કે નહીં??માણસ કોઇ ગુનો કરે અને કાયદાકીય પ્રક્રિયા પૂરી કર્યા પછી ગુનેગારને સજા કરે કે બાઇજ્જત બરી કરે. ગુનેગારને સજા થયા પછી તે જ ગુના માટે ફરી અને વારંવાર સજા કરી શકાતી નથી. રાવણે કરેલ ગુના માટે ભગવાને સજા આપી દીધી પછી તેનો છાલ છોડવો જોઇએ કે નહીં!પણ આપણે રાવણનો છાલ છોડતા જ નથી.

આપણે અમેરિકન પ્રમુખ જહોન કેનેડી, મહાત્મા ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધીના હત્યારાને કોર્ટે સજા આપી દીધા પછી તેમની પાછળ લસણ-આદુ ખાઇને પાછળ ( પાછળ પડવા માટે હરહંમેશ શું આદુ ખાવું જરૂરી હશે??આવું વિધાન કરવાનો શો અર્થ હશે??) મહાત્મા ગાંધીના હત્યારાનો પૂતળાદહન દર ત્રીસમી જાન્યુઆરીએ કરતા નથી, તો પછી દશેરાના દિવસે રાવણનું પૂતળું શા માટે બાળવું જોઇએ?? હવે તો ગોડસેને ચાહનારા અને પૂજનારાની સંખ્યા કૂદકે ને ભૂસ્કે વધતી જાય છે!! ગોડસેના મંદિરો અને મૂર્તિઓ પણ મુકાય છે!!! એમ તો દક્ષિણ ભારતમાં રાવણનું મંદિર છે. રાવણને પૂજતી વ્યકતિઓ પણ નોંધપાત્ર છે. રાવણ આજના રાવણ જેવો રાવણ ન હતો!!! કેમ કે, સિતામાતાનુ અપહરણ કર્યા પછી લંકાના મહેલમાં લઇ જવાના બદલે સિતામાતાને અશોકવાટિકામાં રાખ્યા હતા. સિતામાતાજી સાથે અણછાજતી હરકત કરેલ ન હતી.

રામે રાવણ પર મેળવેલ વિજયને આસુરી શકિત પર દેવી શક્તિના વિજય તરીકે ગણવામાં આવે છે.જેની યાદમાં દેશના શહેરોમાં નાનીમોટી સાઇઝના રાવણના પૂતળા ફૂંકવામાં આવે છે. કિન્તુ, આસુરી વૃત્તિનું નિર્મૂલન થવાના સ્થાને ઉન્મૂલન થઇ રહ્યું છે!! આટલા વરસો તો રાવણ વાંધા વિરોધ વિના પૂતળા સ્વરૂપે બળતો રહ્યો. ભલે, આબાલવૃદ્ધ પૂતળા દહનનો તામસિક આનંદ લે!! કેમ કે,રાવણને કોઇનો ટેકો અગર સમર્થન ન હતું. હવે આ વરસે કદાચ રાવણ ઘસીને પૂતળા સ્વરૂપે બળવાનો સાફ ઇક્રાર કરશે તો નવાઇ પામશો નહીં. તમને થશે કે એવું શું બન્યું કે રાવણનો નૈતિક જુસ્સો વધી ગયો!!!

વાત જાણે એમ છે કે નખત્રાણાના વિપ્ર સમાજે રામના હાથે રાવણને મરવાનો દૈવી અભિશ્રાપ.રામને હાથે મરવાનું સદભાગ્ય રાવણને મળેલ હતું . રાવણ મહર્ષિ કળાનો અતિ વિદ્વાન બ્રાહ્મણ હતો . તેથી તેનું પૂતળું બાળવું ન્યોયોચિત નથી. નખમાણામાં રાવણના પૂતળાના દહનનો વિરોધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.રાવણના પક્ષે સહાનુભૂતિ વધી રહી છે!!!જાણવા મળ્યું છે કે વાપીની અંબાજીના મંદિર ખાતે રામલીલા બાદ ૪૦ વરસથી યોજાતો રાવણ દહનનો કાર્યકર્મ ભીડને કંટ્રોલ કરવાની મુશ્કેલી ધ્યાને લઇને આયોજકો દ્વારા આ વરસે મુલત્વી રાખેલ છે. પહેલીવાર એવું થયું છે કે મોંઘવારીનો માર અબ કી બાર રાવણ પર પડી રહ્યો છે. ફટાકડા અને કાચી માલામગ્રીના ભાવમાં વધારો થવાથી રાવણ, કંભકર્ણ અને મેઘનાદના પૂતળાની લંબાઇ ઘટી ગઇ છે. જો આમ જ ચાલ્યું તો ભવિષ્યમાં પૂતળા અંગૂઠાની સાઇઝના થઇ જશે !!

દર વરસે દશેરાના દિવસે રાવણની જગ્યાએ રાજુ રદીનું જીવતાજીવ પૂતળું બાળવાનું અમારું સૂચન છે!!

ભરત વૈષ્ણવ

### ઝારખંડમાં મોબ લિન્ચિંગ: ૩૨ વર્ષીય યુવકની ઢોર માર મારી હત્યા કરી દેવાઈ

રાંચી,તા.૪

ઝારખંડમાં ફરી એક વખત મોબ લિન્ચિંગની ઘટના સામે આવી છે. લગભગ એક ડઝન લોકોની ભીડે યુવકની કુહાડીથી કાપીને હત્યા કરી નાખી છે. ત્યારબાદ આરોપીઓની ધરપકડની માંગને લઈને મૃતકના પરિવારજનોએ ખૂબ જ હંગામો કર્યો હતો.તમને જણાવી દઈએ કે, ગુમલા જિલ્લાના જરી પોલીસ સ્ટેશન વિસ્તારના ગોવિંદપુર પંચાયતના તિગરા ગામના રહેવાસી ૩૨ વર્ષીય એજાઝ ખાનની ભીડે લાકડી, ડંડા અને લાતો મારીને હત્યા કરી નાખી હતી. જ્યાં આ મોબ લિન્ચિંગની ઘટના બની તે ઝારખંડ અને છત્તીસગઢની સરહદ છે.મૃતક યુવક એજાઝ પર ગુમલા જિલ્લાના અનેક પોલીસ સ્ટેશનમાં ગુનાહિત કેસ દાખલ છે. પોલીસનું કહેવું છે કે, મૃતક ચોરી સહિત અન્ય કેસમાં જેલની સજા ભોગવી ચૂક્યો છે. તેના પર ગુમલા જિલ્લાના જારી પાલકોટ અને ડુંગરી પોલીસ સ્ટેશનમાં અનેક કેસ દાખલ છે. એઝાઝની હત્યાનો આરોપ છત્તીસગઢના યુવકો પર લાગ્યો છે. જોકે, આ સમગ્ર હત્યાકાંડ પર પોલીસ કંઈ પણ બોલવાથી બચી રહી છે.મૃતક યુવકના ભાઈ સરવરે જણાવ્યું કે, એજાઝ છત્તીસગઢના પતરાતોલીમાં ગયો હતો. ત્યાં કેટલાક યુવકો સાથે તેનો વિવાદ ચાલી રહ્યો હતો તે જ યુવકોએ એજાઝને લાકડીઓ અને ડંડા વડે માર મારીને તેની હત્યા કરી નાખી હતી.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG.SS NO.0032
સાહિત્ય સરિતા
વિષય.: પંખીનો માળો
શીર્ષક:- ચકાએ બાંધ્યું ઘર
ચકી કરે ચીં ચીં, ચકો કરે ચક ચક,
ચકાએ બાંધ્યુ ચકી માટે એક નાનું ઘર,
વળગણ કેમ કરીને છૂટે તારું ચકી રાણી.
એમાં સ્નેહના સાંઠીકડાં ગોઠવ્યાં,
અને લાગણીનાં લીરાં ગોઠવ્યાં,
વળગણ કેમ કરીને છૂટે તારું ચકીરાણી.
એક નાની પાણીની પરબ ગોઠવી,
આવો ચકીરાણી તમને પ્રેમથી બોલાવું,
વળગણ કેમ કરીને છૂટે તારું ચકીરાણી.
નથી ઘરમાં દાણાં અને નથી પીવાં પાણી,
ચકીરાણી લાવી દાણાં અને લાવી પાણી,
વળગણ કેમ કરીને છૂટે તારું ચકીરાણી.
ચકીની ચક ચક અને ચકાની બક બકથી,
ચહેંકી ઉઠયો માળો,ચકો થયો રાજીરાજી.
વળગણ કેમ કરીને છૂટે તારું ચકીરાણી.
ચકીચકાની આ એક દર્દ ભરી કહાની.
ચકી પડી માંદી અને ખાલી થઈ ગયો માળો.
વળગણ કેમ કરીને છૂટે તારું ચકીરાણી.
ચકો રડી રડી થઈ ગયો અડધો અડધો,
નહીં બાંધુ હવે ચકી તારા માટે સ્નેહનો માળો,
વળગણ કેમ કરીને છૂટે તારું ચકીરાણી.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ
૪/૧૦/૨૦૨૨

---

: NOG SS No ; 0078
પ્રકાર - પદ્ય (ગીત)
વિષય - માળો
શીર્ષક - મનગમતો માળો
એકેક તણખલા હું હરખે લાવી, ને એનો ગૂંથેલો મનગમતો માળો,
કલરવની રોજરોજ માણેલી મોજ, હવે સૂનકારે માર્યો ઉછાળો..
ગૂંથેલો મનગમતો માળો.
નાનકડા મનડામાં સપના મેં દોર્યા ને પૂરેલા સોનેરી રંગો;
મહેનતથી ધીરજથી છેલ્લે તો પૂરા થ્યા સઘળાએ સુંદર ઉમંગો;
હરખ્યું મન જોઈને દલડાની લાગણીયું બાગણીયુંનો સરવાળો.
એકેક તણખલા હું હરખે લાવી, ને એનો ગૂંથેલો મનગમતો માળો.
આંધી,વંટોળ અને ડમરી ને વર્ષામાં બચ્ચાંને કીધું કે ઊડો;
વીંઝાતા વાયરાને આ પાંખ્યું ખોલીને હામ ધરી બાથ જરી ભીડો;
ઊંચે ઊડી ગ્યાં તો ઝાડવાંની આંખ્યુંમાં આંસુનો આવ્યો ઉલાળો.
એકેક તણખલા હું હરખે લાવી, ને એનો ગૂંથેલો મનગમતો માળો.
પૂતળી બા જેમ લઉં વચનું પહેલાં પછી તને મોકલું પરદેશ;
માના મનમાં ઠરીઠામ થૈ રહે છે માળાની કોઈ ચિંતા-અંદેશ.
પરભુએ કેવીય ઘડીએ બનાવ્યો સૌ માયુંનો સ્વભાવ હાળો.
એકેક તણખલા હું હરખે લાવી, ને એનો ગૂંથેલો મનગમતો માળો,
કલરવની રોજરોજ માણેલી મોજ, હવે સૂનકારે માર્યો ઉછાળો..
ગૂંથેલો મનગમતો માળો.
- શ્વેતા તલાટી

## દશેરા -હર્ષોલ્લાસનું પર્વ

આસો માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે એને દશેરા તરીકે ઓળખવામાં આવે છે. દશેરાનો સાચો અર્થ માઠી દશા હરનાર એવો થાય છે. દશેરાનો ખરો અને સાચો ઉચ્ચાર દશહરા છે, પરંતુ કાળક્રમે અપભ્રંશ થઈને દશેરા શબ્દ બની ગયો છે. નવરાત્રિનાં નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં શ્રી રામ અને રાવણનું મહા યુદ્ધ સતતં નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દશમા દિવસે રામે રાવણના રામ રમાડી દીધા હતા, તેથી આ પર્વને વિજયાદશમી તરીકે ઉજવવામાં આવે છે. વિજયાદશમી એ આસુરી શક્તિ તથા અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતીક છે. અહંકારી દુષ્ટ રાવણનો શ્રી રામચંદ્રે વધ કર્યો અને લંકા ઉપર જે વિજય પતાકા ફરકાવી અને સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજયાદશમી કહેવામાં આવે છે.

દશેરાને બહુ પવિત્ર દિવસ માનવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદ્દઘાટન કે શુભારંભ કરે છે. અમુક વ્યક્તિઓ પોતાના વાહનો તથા પશુધનને ફૂલહાર ચઢાવી શણગારે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔધોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનોની સાફ સફાઈ તથા પૂજા અર્ચના કરે છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલથી પૂજા કરવાનું વિશેષ મહત્વ છે.દશેરાના દિવસે સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે.એવુ કહેવાય છે કે પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે અજ્ઞાતવાસ વિતાવતાં પહેલાં, પોતાનાં દિવ્ય અસ્ત્ર શસ્ત્ર આ સમી વૃક્ષ પર છુપાવ્યા હતાં અને અજ્ઞાતવાસ પૂરો કર્યા પછી દશેરાના શુભ દિવસે સમી વૃક્ષની વિધિવત પૂજા અર્ચના કરીને, તેમનાં દિવ્ય આયુધો પરત મેળવ્યાં હતાં.અને આ કારણે જ ઈતિહાસમાં સમી વૃક્ષનું મહાત્મ્ય અનોખી રીતે વણાઈ ગયું છે. રાજા રજવાડાના વખતમાં પણ દશેરાના દિવસે જાતજાતની હરિફાઈ, કલા કરતબ તથા નાચગાનના રંગારંગ કાર્યક્રમો યોજાતા હતાં અને રાજા મહારાજાઓની શાહી સવારી આખા નગરમાં ફરતી હતી અને રાજા મહારાજાઓ તરફથી ખિતાબ, ઈલ્કાબ તથા માન આકરામથી વિશેષ વ્યક્તિઓને નવાજવામાં આવતા હતાં તથા ગરીબ,પછાત અને જરૂરતમંદ વ્યક્તિઓને દાન દક્ષિણા, ભેટ સૌગાતો તથા મિઠાઈ વહેંચવામાં આવતી હતી. મોટા શહેરોમાં રાતે રાવણ દહન જેવા કાર્યક્રમો યોજાય છે. દશેરાના દિવસે લગભગ નાના મોટા દરેક નગરોમાં જલેબી ફાફડા ખાવાનો રિવાજ છે. ટૂંકમાં દશેરા એ આનંદ પ્રમોદ અને ખુશી મનાવવાનું પર્વ છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯૩૫૦

## ખુબ પ્રસિદ્ધ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત કરી



અમદાવાદ ,

અમદાવાદ ૦૪ ઓક્ટોબર ૨૦૨૨: બોલિવૂડના ખૂબ પ્રસિદ્ધ એક્ટ્રેસ રશ્મિકા મંદાના તેમની આગામી ફિલ્મ ગુડ બાય ના પ્રમોશન માટે અમદાવાદ આવ્યા હતા. ત્યારે સૌપ્રથમ અમદાવાદમાં સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત કરી હતી, તે દરમ્યાન તેમને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા, ડાન્સ, અને આગામી ફિલ્મ વિશેની વાતચીત કરી હતી. સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ તેમનુ પોર્ટ્રેટ ભેટ આપવામાં આવ્યું હતું.

## પોતાની ટીમ ટી ટવેન્ટી વિશ્વકપના પહેલા જ રાઉન્ડમાં બહાર નિકળી જાય તેવો અખ્તરને ભય

મુંબઇ,તા.૪

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરને ટી ટવેન્ટી વિશ્વકપ ૨૦૨૨માં પોતાના દેશની ટીમના પહેલા જ રાઉન્ડમાં બહાર થઇ જવાનો ભય સતાવી રહ્યો છે.તે પહેલા પણ આમ કહી ચુકયો છે.હવે ઇંગ્લેન્ડની વિરૂધ્ધ પાકિસ્તાનની ટી ૨૦ સીરીજ ગુમાવ્યા બાદ ફરી તેણે પોતાની વાત દોહરાવી છે.પોતાની યુટયુબ ચેનલ પર ૩.૩૩ મિનિટની એક વીડિયોમાં તેણે કહ્યું કે હું પહેલા પણ કહી ચુકયો છું મને ભય છે કે પાકિસ્તાનની આ ટીમ પહેલા રાઉન્ડમાં જ વિશ્વકપની બહાર થઇ શકે છે.રાવલપીડી એકસપ્રેસના નામથી જાણિતા શોએબ અખ્તરે કહ્યું કે પાકિસ્તાનનો મધ્યક્રમ સારો નથી પાકિસ્તાની ઓપનીંગ સારૂ પ્રદર્શન નથી કરતું ત્યારે મધ્યક્રમ દબાણમાં આવી જાય છે જો તમે વિશ્વકપ જીતવા માંગો છો તો આ પધ્ધતિ નથી વિશ્વકપમાં જવાની આ ખુબ દુખદ છે.તેણે કહ્યું કે આથી મે તમારા મધ્યક્રમ અને બેટીંગ ક્રમને ઠીક કરવા માટે સકલૈન મુશ્તાક (પાકિસ્તાનના કોચ) અને અન્યની ટીકા કરી હતી કોઇ રીતે તેની કોઇ સુનાવણી થઇ રહી નથી તે જોઇને ખુબ દુખ થાય છે કે પાકિસ્તાન સારૂ કરી રહ્યું નથી આ નિરાશાજનક છે.

## શિવસેનાના સાંસદ સંજય રાઉતને ૬૫ દિવસ પછી પણ રાહત નહીં

મુંબઇ,તા.૪

પાત્રા ચાલ કેસમાં તપાસની ગરમીનો સામનો કરી રહેલા શિવસેનાના સાંસદ સંજય રાઉતને કોઈ રાહત મળે તેમ લાગતું નથી. મંગળવારે તેની કસ્ટડી ૧૦ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ૧ હજાર કરોડ રૂપિયાથી વધુના પાત્રા ચાલ જમીન કૌભાંડની તપાસ કરી રહ્યું છે. આ ઉપરાંત આ કેસમાં અન્ય સંબંધિત લોકોની પણ પૂછપરછ ચાલી રહી છે.

મંગળવારે સુનાવણી માટે પહોંચેલા રાઉતને ૧૦ ઓક્ટોબર સુધી કસ્ટડીમાં રહેવું પડશે. અગાઉ, આ મામલાની સુનાવણી ૧૯ સપ્ટેમ્બરના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ વિશેષ અદાલતમાં થઈ હતી. તે દરમિયાન શિવસેનાના વરિષ્ઠ નેતાની અટકાયતની અવધિ ૧૪ દિવસ માટે લંબાવવામાં આવી હતી.

તપાસ એજન્સીએ રાઉતની ૧ ઓગસ્ટના રોજ પાત્રા ચાલ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં કથિત આર્થિક અનિયમિતતાઓ બદલ ધરપકડ કરી હતી. આ પહેલા ૨૮ જૂને પણ ઈઢ દ્વારા તેમને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા.

## વિશેષ સંવાદ : 'સમગ્ર જગત્માં હિજાબને વિરોધ, જ્યારે ભારતમાં હિજાબ માટે આંદોલન !'

### ઇસ્લામી દેશોમાં હિજાબને વિરોધ થઇ રહ્યો છે, ત્યારે ભારતનાં હિજાબ સમર્થકો કયાં છુપાઈ બેઠાં છે ? - ધારાશાસ્ત્રી રચના નાયડૂ





કેટલાક મહિનાં પહેલાં કર્ણાટકમાં હિજાબ પહેરીને શાળા-કૉલેજમાં પ્રવેશ કરનારી મુસલમાન છોકરીઓનો વિષય સર્વોચ્ચ ન્યાયાલય સુધી પહોંચ્યો. અત્યારે હિજાબનો વિરોધ કરનારા ઈરાન અને અન્ય ઈસ્લામી દેશોની મહિલાઓની ભાવનાઓ ભણી શા માટે જોવામાં આવતું નથી ? ભારતમાં થઈ રહેલો બનાવ અને સમગ્ર જગત્માં થઈ રહેલા બનાવ એમ જોઈને ચુનંદો આક્રોશ થતો દેખાઈ પડે છે. અન્યથા વિવિધ બનાવોમાં અન્ય દેશોના ઉદાહરણો આપનારાંઓ વર્તમાનમાં સમગ્ર જગત્માંના ઈસ્લામી દેશોમાં હિજાબને વિરોધ થઈ રહ્યો છે, ત્યારે ભારતમાંના હિજાબનાં સમર્થકો અત્યારે ક્યાં છૂપાઈ બેઠાં છે, એવો પ્રશ્ન દુર્ગ, છત્તીસગઢ ખાતેના ધારાશાસ્ત્રી રચના નાયડૂએ ઉપસ્થિત કર્યો. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'સમગ્ર જગત્માં હિજાબને વિરોધ, જ્યારે ભારતમાં હિજાબ માટે આંદોલન !' આ વિષય પરના 'ઑનલાઈન' સંવાદમાં બોલી રહ્યા હતા.

'સંગમ ટૉક્સ'ના સંપાદિકા તાન્યાએ કહ્યું કે, હિજાબની સખતાઈ ઈસ્લામિક દેશોનો રાજકીય કાર્યક્રમ છે.

કેટલાક મહિના પહેલાં આપણાં દેશનાં કેટલાક રાજ્યોની શાળાઓમાં હિજાબને વિરોધ થયો, એટલે મુસલમાન છોકરીઓએ આંદોલન કર્યું. આ બનાવના વિડિઓ નિયોજનબદ્ધ રીતે લોકો સુધી પહોંચાડવામાં આવ્યા. શાળામાં હિજાબ પહેરીને જ આવીશું, આ માગણી માટે આ શાળાની છોકરીઓને વકીલ પણ સહજતાથી મળ્યા અને તેઓ સર્વોચ્ચ ન્યાયાલયમાં પહોંચી ગયા. તેમજ તેમને મુસલમાન સંગઠનોનું સમર્થન પણ મળ્યું.

હિજાબનો વિષય આપણાં દેશમાં અસ્થિરતા નિર્માણ કરવા માટે કરવામાં આવ્યો.

સનાતન સંસ્થાના સૌ. ક્ષિપ્રા જુવેકરે કહ્યું કે, 'પારસી ભાઈઓનો પર્શિયા દેશ ઈરાન થયો. આ જ ઈરાનની મુસલમાન મહિલાઓએ હિજાબને જોરદાર વિરોધ કર્યો છે. કેટલાક કહેવાતા ઉદારમતવાદીઓ ષડયંત્ર દ્વારા હિજાબને પીઠબળ પૂરું પાડી રહ્યા છે. નારીશક્તિ એકત્રિત આવે, તો શું થઈ શકે, આ સમગ્ર જગત્માંથી મહિલાઓનો હિજાબને થઈ રહેલો વિરોધ જોઈને ધ્યાનમાં આવે છે. ઈરાન જેવાં અનેક ઈસ્લામી દેશોમાં ત્યાંના પીડાકારી કાયદાઓને કારણે મુસલમાન મહિલાઓ પર જ અત્યાચાર થાય છે, તેનો હવે વિરોધ થઈ રહ્યો છે. હિંદુ ધર્મ મહિલાઓને દેવી સમાન માને છે, આ ધર્મનાં આધારે હિંદુ રાષ્ટ્ર સ્થાપિત થયા પછી મહિલાઓ અવશ્ય સુરક્ષિત રહેશે.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

## રાષ્ટ્રસંત પૂ. નમ્રમુની મહારાજ સાહેબની કૃપા—પ્રેરણાથી મુંબઇમાં સમસ્ત મહાજન દ્વારા માંદા—ઘાયલ અબોલ જીવોને મળશે ત્વરિત સારવાર

### મહારાષ્ટ્રનાં રાજયપાલ ભગતસિંહ કોશિયા તથા કેન્દ્રીય પશુપાલન મંત્રી પુરૂષોતમ રૂપાલાજીનાં શુભ હસ્તે એનીમલ એમ્બ્યુલન્સનો પ્રારંભ કરાવ્યો.

સમસ્ત મહાજને સૌપ્રથમ મુંબઈ શહેર 'એનિમલ હોસ્પિટલ્સ ઓન વ્હીલ્સથી' અબોલ જીવોની ઉત્કૃષ્ટ સારવારના મામલે નોખો અનુભવ કરાવ્યો હતો. આ સેવા હવે અગીયાર એમ્બ્યુલન્સ સાથે આખા શહેરમાં રાઉન્ડ ધ કલોક અને બેહદ અસરકારક રીતે મળવાની છે. રાષ્ટ્રસંત પૂ. નમ્રમુની મહારાજ સાહેબની કૃપા—પ્રેરણાથી મુંબઈમાં સમસ્ત મહાજન દ્વારા માંદા—ઘાયલ અબોલ જીવોને ત્વરિત સારવાર મળે તે માટે મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશિયારીના શુભ હસ્તે રાજભવના ખાતે એનીમલ એમ્બ્યુલન્સનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે કેન્દ્રીય પશુપાલન મંત્રી પુરૂષોતમ રૂપાલાજી, મહારાષ્ટ્રના પશુપાલન મંત્રીશ્રી રાધાકૃષ્ણ વિખે પાટીલ તથા જૈન સમાજનું ગૌરવ મહારાષ્ટ્ર રાજયના કૌશલવિકાસ પ્રધાન શ્રી મંગલ પ્રભાત લોઢા ઉપસ્થિત રહયાં હતાં.કલ્પના કરો કે મુંબઈના કોઈક રસ્તા પર એક પશુ ઘાયલ પડયું છે. લોકો એની પાસેથી પસાર થઈ રહયા છે પણ કરતા કશું નથી. આવું અમાનવીય કે અકરૂણામય વર્તન કરવું ના પડે એવી કોઈક ગોઠવણ થાય તો ? શકય છે કે ઘણા વટેમાર્ગુઓ ઘાયલ પશુને કંઈક તો મદદ કરવા ચાહશે. સમસ્ત મહાજને એમના માટે એનીમલ હેલ્પલાઈનનો અને ઘાયલ પશુની સારવારનો અકસીર માર્ગ શોધ્યો છે. એ છે 'એનીમલ હોસ્પિટલ્સ ઓન વ્હીલ્સ'. દેશમાં કદાચ મુંબઈ પહેલું એવું શહેર બની રહયું છે. જયાં ઘાયલ અને માંદા અબોલ જીવોનો જીવ બચાવવા, તેમની પીડા દુર કરવા હવે ગણતરીની પળોમાં અત્યાધુનિક સારવાર ઉપલબ્ધ થઈ રહી છે.

આ એમ્બ્યુલન્સ સામાન્ય નથી. એ 'કરૂણારથ' છે. એની ખાસિયતો અનેક છે. એક સંપૂર્ણ એનીમલ હોસ્પિટલની ગરજ સારે એવી તમામ સગવડોથી એ સુસજજ છે, ઓકિસજન સિલિન્ડર, કોન્સન્ટ્રેશન અને થિયેટર, એનેસ્થેસિયા, ફ્રિજ, ગિઝર, અગ્નિરોધક સાધનો સહિત દવા અને તમામ આવશ્યક વૈદકીય ઉપકરણો સાથે ઉપલબ્ધ છે સાથે જ અનુભવી પશુચિકિત્સક તથા એનીમલ હોસ્પિટલ ઓન વ્હીલ્સનો વિશેષ હેલ્પલાઈન નંબર પણ કાર્યરત છે કોઈપણ વ્યકિત એના પર ફોન કરીને ઘાયલ કે માંદા પશુની જાણકારી આપે એ સાથે આ એમ્બ્યુલન્સ સારવારાર્થે પહોંચી જશે. બસ, પછી ઘટના સ્થળે જ અબોલ જીવોની તત્કાલ વિનામુલ્યે સારવાર થઈ શકશે.

વધુમાં સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના સભ્ય ગીરીશભાઈ જણાવે છે કે, ફેબ્રુઆરી ૨૦૨૨ માં સમસ્ત મહાજને પહેલીવાર 'એનીમલ હોસ્પિટલ ઓન વ્હીલ્સ'ની શરૂઆત કરી દીધી હતી. ત્યારે માત્ર એક એમ્બ્યુલન્સ હતી અને પછી ઉમેરાઈ બીજી એમ્બ્યુલન્સ, હવે એમાં એક સાથે ૯ એમ્બ્યુલન્સ ઉમેરાશે. એનીમલ એમ્બ્યુલન્સની સંખ્યા ૧૧ થવાથી કોઈ ઘાયલ કે માંદા પશુઓને સારવારના અભાવે જીવ ગુમાવવાનો વારો નહી આવે, મુંબઈ મેટ્રોપોલીટન વિઝનના કોઈપણ ખૂણે અબોલ જીવ માટે સારવાર ત્વરાથી ઉપલબ્ધ થઈ શકશે. એ માટે મુંબઈને અગીયાર વિભાગમાં વહેંચીને દરેક વિભાગમાં એક-એક એમ્બ્યુલન્સ તૈનાત રખાશે તેથી સારવારનું કાર્ય તેજગતિથી થઈ શકે.સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ એક અત્યંત મૃદુ અને જીવદયાપ્રેમી છે. સમસ્ત મહાજનની સ્થાપના થઈ ૨૦૦૨માં એ દિવસને આજની ઘડી. હીરાના જાણીતા વેપારી હોવા છતાં ગીરીશભાઈ એમનો મહતમ સમય પરોપકારલક્ષી કાર્યોમાં ખર્ચે છે. બે એક દાયકામાં એમણે વિવિધ સેવાલક્ષી કાર્યોનો વ્યાપ બેહદ વધાર્યો છે. એ માટે એમણે દેશભરમાં સમસ્ત મહાજનની ઓફિસ, કોઓર્ડિનેટર્સ અને કાર્યકર્તાઓનું વિશાળ નેટવર્ક ઉભું કરીને એ સુનિશ્ચિત કર્યું છે તે દેશના કોઈ પણ ખૂણે સંસ્થાએ સેવાલક્ષી કામ કરવું હોય તો વીજળીવેગે થઈ શકે. એ તો ઠીક, નેપાળમાં ભયાનક ધરતીકંપ આવ્યો એ વખતે સંસ્થાએ ત્યાં પણ અપ્રતિમ સેવાકાર્ય કરીને આપણા આ પાડોશી દેશ સુધી સેવાકાર્યોનો વ્યાપ વિસ્તારી દીધો.ગીરીશભાઈ વધુમાં કહે છે કે 'કુદરતની વ્યવસ્થામાં માનવી, અબોલ જીવ અને વનસ્પતિઓ દરેકનું વિશેષ મહત્વ છે. આપણી સંસ્કૃતિ અને આપણાં શાસ્ત્રોએ વિજ્ઞાન પહેલાં એ સિધ્ધ કર્યું છે. સમસ્ત મહાજનના ઉપક્રમે અમને જયારે અને જયાં એક અથવા બીજી રીતે આમાના કોઈને પણ સહાયરૂપ થવાનું સૌભાગ્ય મળે એને હું પરમાત્માની કૃપા અને મારા માનવજીવનની સાર્થકતા ગણું છું.'

સમસ્ત મહાજનની અન્ય અનેક સેવાઓની વાત કરતાં પહેલા આપણે 'એનીમલ હોસ્પિટલ્સ ઓન વ્હીલ્સ'નાં કન્સેપ્ટ અને ઉપયોગીતાને સમજી લઈએ. હવે મુંબઈમાં આવી હોસ્પિટલ ચલાવતી ૧૧ કાર્ય કરવા માંડશે. રાષ્ટ્રસંત પૂજય નમ્રમુનિ મહારાજ સાહેબના બાવનમાં જન્મદિવસની માનવતા મહોત્સવ તરીકે ઉજવણી થવાના અવસરે હાલમાં જ કચ્છના પુનડીમાં સમસ્ત મહાજનને ૧૧ એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી હતી.સમસ્ત મહાજનની પ્રવૃતિઓ પર નજર કરીએ તો સને-૨૦૦૨માં સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી એ સતત સેવાકાર્યો કરી રહી છે. સંસ્થાનાં પરોપકારલક્ષી કાર્યોનો વ્યાપ સમજવા માટે આપણે એની સેવાઓને મુખ્યત્વે ૧૦ પ્રકારમાં વિભાજીત કરીએ તો એ છે કે મુંબઈમાં ભૂખ્યાને ભોજન પુરું પાડવું, અત્યારસુધીમાં પાંચ લાખથી વધારે લોકોને પ્રસાદ—ભોજન કરાવ્યું છે.ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આદિવાસી બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડવી, વરસાદી જળના સંચયથી પાણીની સમસ્યાનું કાયમી નિવારણ કરવું. સંસ્થાએ આ કાર્ય વિરાટપાયે કરીને મહારાષ્ટ્રના જાલના જિલ્લાના અનેક ગામોની પાણીની સમસ્યાનું કાયમી નિવારણ કર્યું છે.

તે જ રીતે રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્રમાં ૫૦૦ થી વધારે ગામોમાં તળાવનું કાર્ય કરવામાં આવ્યું છે. સૂકી અને બિનઉપજાઉ જમીનને નવપલ્લવિત કરીને નંદનવન કરવી અને વિશાળ પાયે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સુધારમાં યોગદાન આપવું. સમસ્ત મહાજને આ કાર્ય થકી ૫૦,૦૦૦ એકરથી વધુ જમીનને નવપલ્લવિત કરી છે. વિશાળ વૃક્ષારોપણ કરીને દેશની હરિયાળી ક્રાંતિમાં યોગદાન આપવું. આ કાર્ય અપ્રતિમ રીતે કરવા બદલ સંસ્થાને ઈન્દિરા પ્રિયદર્શિની એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં એક લાખ દેશી વૃક્ષોની વાવણી તથા તેમના ઉછેર જતન સાથે સંસ્થાએ એક આગવું સીમાચિહન સ્થાપ્યું છે. નૈસર્ગિક અને માનવસર્જિત આપદાથી પીડીત લોકોની સહાય કરવી. કાશ્મીરથી કન્યાકુમારી અને આગળ જણાવ્યું તેમ નેપાળમાં પણ સંસ્થાએ ધરતીકંપ, પુર, ઈમારત ધસી પડવી, ભયંકર આગ લાગવી એવા અનેક દર્દનાક બનાવો દરમ્યાન એટલી લોકસેવા કરી છે જેના વિશે વિગતવાર લખવા તો એક પુસ્તક ઓછું પડે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કર્યો એ દિશામાં પણ સંસ્થા સંનિષ્ઠપણે સેવારત છે. અત્યાર સુધીમાં સમસ્ત મહાજને શહેર અને ગામડાંઓમાં નિયમિતપણે સ્વચ્છતા અભિયાન યોજીને લોકોમાં આ વિશે જાગૃતિ પ્રસરાવવા સાથે સ્વચ્છ ભારતની દિશામાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ગ્રામીણ વિકાસની વાત આવે ત્યાં સમસ્ત મહાજન એક સૌથી શિરમોર સંસ્થા છે. ગામડાંના સર્વાંગી વિકાસ સાથે દેશની ખરી પ્રગતિ પ્રગાઢપણે સંકળાયેલી છે એવી દ્રઢ માન્યતા ગિરીશભાઈની છે.

# ભગવાન શ્રી પરશુરામની ભવ્યાતી ભવ્ય પ્રતિમાનુ હિંમતનગરમાં સ્થાપના કરવામાં આવશે જે સમસ્ત ગુજરાતનું નજરાણું બની રહેશે

**મહાપુરૂષોની પ્રતિમાઓની સ્થાપના કરવાથી યુવા પેઢીને માર્ગદર્શન મળી રહેશે : સી.આર. પાટીલ**

**હિંમતનગર ખાતે પરશુરામ ભગવાનની પ્રતિમા અને પાર્કનુ નામાનકરણ કાર્યક્રમ યોજાયો**

**ગણતરીની મીનીટોમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતમાં રૂ.૬૫ લાખની વધુની રકમ દાન સ્વરૂપે એકઠી થઇ**



હિંમતનગર ,

હિંમતનગર ખાતે ભગવાન શ્રી પરશુરામજીની પ્રતિમાનુ ભૂમિપૂજન અને ભગવાન શ્રી પરશુરામ પાર્ક અને માર્ગનુ નામાનકરણ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના વરદહસ્તે મંગળવારે હિંમતનગર ખાતે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતુ કે મહાપુરૂષોની પ્રતિમાઓની સ્થાપના કરવાથી યુવા પેઢીને માર્ગદર્શન મળી રહેશે. હિંમતનગરના ર્ડા.નલીનકાન્ત ગાંધી ટાઉન હોલમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતમાં માત્ર ગણતરીની મીનીટીમાં રૂપિયા ૬૫ લાખથી વધુની રકમ દાન સ્વરૂપે એકઠી થઇ હતી. સી.આર. પાટીલ દ્વારા મંચસ્થ મહાનુભાવોને સમાજ નિર્માણના કાર્યમાં દાન કરવા અપીલ કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરમાં ભગવાન શ્રી પરશુરામની પ્રતિમા અને પાર્કનુ નામાનકરણ કરવા માટે છેલ્લા ઘણા સમયથી સાબરકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતમાં હિંમતનગર ખાતે ભવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. હિંમતનગરના મોતીપુરાથી પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત ની આગેવાની હેઠળ નિકળેલી ભવ્ય બાઈક રેલીમાં મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના યુવાનો સાથે અગ્રણીઓ પણ જોડાયા હતા. મોતીપુરાથી નિકળેલી બાઇક રેલી શહેરના વિવિધ માર્ગો પર થઇને ટાવર ચોક ખાતે આવી પહોંચી હતી. જયાં આવેલા ભગવાન શ્રી પરશુરામ પાર્કમાં સી.આર. પાટીલના વરદહસ્તે તથા સમાજના અગ્રણી અતુલભાઇ દીક્ષિત પ્રફુલભાઈ વ્યાસ, મનોજભાઈ પુરોહિત, મુકેશભાઈ જાની, નગરપાલિકા પ્રમુખ યતીનબેન મોદી, ઉપપ્રમુખ અમૃતભાઈ પુરોહિત, નાગરિક બેંકના ચેરમેન હિરેનભાઈ ગોર તથા પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત ની ઉપસ્થિતિમાં ભગવાન શ્રી પરશુરામની આકાર લઈ રહી છે તેવી

ભવ્ય પ્રતિમાનુ ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતુ. વૈદિકમંત્રોચ્ચાર સાથે બ્રહ્મ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતમાં ભારતીય સંસ્કૃતિ પરંપરા મુજબ ભૂમિપૂજન પ્રસંગે શહેરના નગરજનો અને શ્રેષ્ઠીઓ સાથે મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના લોકો જોડાયા હતા.

હિંમતનગર ટાઉન હોલ ખાતે સંબોધન કરતા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યુ હતુ કે ભગવાન શ્રી પરશુરામના પત્ની રેણુકા દેવીનુ મંદિર મહારાષ્ટ્રમાં આવેલુ છે અને જે અમારી કુળદેવી છે. ત્યારે આજે સાબરકાંઠા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામની પ્રતિમાનુ જે ભૂમિપૂજન કરવાના કાર્યક્રમમાં મને લાભ મળ્યો છે તે મારૂ સૌભાગ્ય છે તેવુ હું માનુ છુ. શહેરના મુખ્ય માર્ગો પર આવેલા વિસ્તારોમાં મહાપુરૂષોની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવે તે જરૂરી છે. મહાપુરૂષોના જીવન ચરિત્ર્ય સાથે આ પ્રતિમાઓના દર્શન કરવાથી યુવા પેઢીને માર્ગદર્શની સાથે સાથે સમાજના કંઇક નવુ કરવા માટેની પ્રેરણા મળશે. સમાજ સંગઠીત બનશે તો દેશ પણ સંગઠન સાથે વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધશે. સમગ્ર વિશ્વની નજર હાલ ભારત રાષ્ટ્ર પર મંડાયેલી છે. ત્યારે ભારતના વડાપ્રધાન અને ગુજરાતના યશસ્વી પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી આજે વિશ્વ ગુરૂ તરીકે પોતાની આગવી શૈલીથી કાર્ય કરી રહ્યા છે. ત્યારે આવો આપણે સૌ તેમના ભગીરથ પ્રયાસોને સાકાર કરવા યથાયોગ્ય પ્રયાસ કરીએ. રાજનીતીમાં ચાણકય સહિતના લોકોની એક આગવી ઓળખ છે જે પણ બ્રાહ્મણ જ હતા. રાજા રજવાડાઓના સમયમાં માર્ગદર્શક તરીકે હંમેશા બ્રાહ્મણ સમાજના લોકો જ સંચાલન કરતા હતા. આ પ્રસંગે સી.આર. પાટીલે પણ રૂપિયા ૧૧ લાખની માતબર રકમ પરશુરામ પ્રતિમાના અનાવરણ માટે દાન જાહેર કરી હતી અને ગણતરીની મીનીટોમાં રૂપિયા ૬૫ લાખથી રકમ એકઠી કરી દીધી હતી. આ પ્રસંગે શહેરના શ્રેષ્ઠી અને ભામાશા તરીકે ઓળખાતા બાબુલાલ પુરોહિતે રૂપિયા ૫,૫૧,૦૦૦ની જાહેરાત કરતા અન્ય શ્રેષ્ઠીઓ પણ દાન કરવા માટે આગળ આવ્યા હતા. . આ પ્રસંગે બ્રહ્મ સમાજના અગ્રણી અતુલભાઇ દિક્ષીત, જિલ્લા પ્રમુખ મનોજભાઇ પુરોહિત, રાજયકક્ષા ઉપપ્રમુખ પ્રફુલભાઇ વ્યાસ (કાથાવાલા), જિલ્લા મહામંત્રી વિજયભાઇ પંડયા, હિંમતનગર નાગરિક બેંકના ચેરમેન હિરેનભાઇ ગોર, નગરપાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઇ પુરોહિત, ગુજરાત પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત ,હિંમતનગર બ્રહ્મ સમાજના પ્રમુખ મુકેશ જાની, શહેર મહિલા પ્રમુખ ઈન્દુ બેન ,ભાવનાબેન પંડ્યા, કૃપાબેન ,ભારતીબેન વ્યાસ, યેવલા બીડી વાળા શેઠ મહેશભાઈ ઉપાધ્યાય, રાજયકક્ષા મંત્રી ઋષિરાજ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ચવેલી ગામ ફૂલોના ગરબા થી ઝગમગી ઉઠ્યું



રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

સમગ્ર ગુજરાત રાજયના હિન્દુ ધર્મમાં દેવી દેવતાઓ પર હિન્દુ ધર્મના લોકો અટુટ શ્રદ્ધા ધરાવે છે ત્યારે અત્યારે ચાલી રહેલી નવલી નવરાત્રી ની આઠમના દિવસે પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ના ચવેલી ગામે ૨૫ જેટલા ફૂલોના ગરબા માતાજીને અર્પણ કરી ધન્યતા અનુભવી હતી તેમ જ વિવિધ જ્ઞાતિના લોકો દ્વારા ગામની અંદર આવેલ પાળેશ્વરી માતાજી તેમજ ખોડીયાર માતાજીના સ્થાનકે વિવિધ રીતે નિવેદ ચડાવી માતાજીની આરાધના કરવામાં આવી હતી આ પ્રસંગે ચાણસ્મા તાલુકા ભાજપના પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ સરપંચ પ્રકાશભાઈ પટેલ સહિતના દરેક જ્ઞાતિના લોકો ઉપસ્થિત રહ્યા હતા

માં જગદંબાના નવલા નવરાત્રી આવતા ની સાથે જ ખેલૈયામાં થનગનાટ જોવા મળી રહ્યો હોય છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ચવેલી ગામે પણ આઠમના દિવસે ખેલૈયાઓમાં થનગનાટ જોવા મળી રહ્યો હતો જેમાં ચાણસ્મા તાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ સરપંચ પ્રકાશભાઈ પટેલ, શાસ્ત્રી અશોકભાઈ જોશી સાહિત્ય દરેક જ્ઞાતિના લોકો દ્વારા ઉપસ્થિત રહી નવલી નવરાત્રી ની ઉજવણી ઉત્સાહભેર ઉજવવામાં આવી રહી છે ત્યારે સમગ્ર ચવેલી ગામના મહિલાઓ તેમજ ભાઈઓ દ્વારા ઉત્સાહભેર માતાજીના ગુણગાન પણ ગાય રહ્યા છે અત્રે ઉલ્લેખનીય છે કે ચાલી રહેલી નવરાત્રીમાં આઠમની રાત્રે ચાણસ્મા તાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૧૧૦૦ દીવડાની મહા આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં પણ સમગ્ર ચવેલી ગામની દરેક જ્ઞાતિના ભાઈઓ તેમજ બહેનો જોડાયા હતા તેમજ સરદાર પટેલ યુવક મંડળ ચવેલીના રજનીભાઈ, ચિરાગભાઈ ,તેમજ ધવલભાઈ સહિતના ભાઈઓ નવરાત્રી નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું .

**આ પ્રસંગેતાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ શું કહે છે**

આ બાબતે ચાણસ્મા તાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ ને પૂછતા જણાવ્યું હતું કે અમારા ગામની અંદર છેલ્લા કેટલાય સમયથી નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાય છે ત્યારે દરેક જ્ઞાતિના લોકો આ અવસર નો લાભ લઈ ધન્યતા અનુભવે છે.



તા.૨-૧૦-૨૦૨૨ ૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞ આસો નવરાત્રી તેમજ ગણેશજીની સ્થાપના નિમિત્તે ઝેડ બ્લોક, સરદાર પટેલ નગર,અણમોલ ટાવર પાસે,શાસ્ત્રી નગર ક્રોસ રોડ,નારણપુરા ખાતે ગાયત્રી પરિવાર નારણપુરાના સહયોગથી સંપન્ન થયો હતો જેમાં સમૂહમાં સૌ રહીશોએ સહપરિવાર એક સંગઠિત થઈ સૌને સદબુદ્ધિ ઉજ્જ્વળ ભવિષ્ય નિરામય જીવનની પ્રાપ્તિ થાય તેવા ઉદ્દેશથી સૌએ ગાયત્રી મંત્રો,મહામૃત્યુંજયના મંત્રોચ્ચાર કરી ઉત્સાહ પૂર્વક ભાગ મોટી સંખ્યામાં લઈ પૂર્ણાહુતિ થયેથી સમૂહ ભોજન-પ્રસાદનો આનંદ માણ્યો હતો.

# પીએમ મોદી અને ઉપરાષ્ટ્રપતિ ધનખરેજીએ સર્વ ધર્મ પ્રાર્થનામાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી

**આચાર્ય ડો.લોકેશજીએ ભગવાન મહાવીરની વાણી અને જૈન પ્રાર્થના રજૂ કરી**



અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક અને જાણીતા જૈન આચાર્ય ડૉ.લોકેશ મુનિજી એ મહાત્મા ગાંધીની ૧૫૩મી જન્મજયંતિ અને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ નિમિત્તે અહિંસા અને શાંતિનો સંદેશ આપ્યો હતો. ગાંધી સ્મૃતિ પર આયોજિત સર્વ ધર્મ પ્રાર્થના દરમિયાન માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરેજી એ મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસનો સંદેશ વાંચવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનેક કેન્દ્રીય અને રાજય મંત્રીઓ, ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિના ઉપાધ્યક્ષ વિજય ગોયલજી, કેન્દ્રીય સાંસ્કૃતિક રાજય મંત્રી મીનાક્ષી લેખીજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે આપણે સૌ સંકલ્પ લઈએ કે સત્ય, અહિંસા, સદભાવના, સમાનતા, એકતા, સ્વચ્છતા જેવા આદર્શો આપણા જીવનમાં સમાવિષ્ટ થાય. મહાત્મા ગાંધી જૈન ધર્મથી ખૂબ પ્રભાવિત હતા. ગાંધીજીએ જૈન ધર્મના અહિંસા, સદભાવના, સત્ય અને અનાધિકારના સિદ્ધાંતોને સમજ્યા, તેમને તેમના જીવનમાં લાવ્યા અને જનસામાન્ય સુધી લઈ ગયા. આચાર્ય ડૉ.લોકેશજીએ જણાવ્યું હતું કે, માણસ જન્મથી નહીં પણ કર્મોથી મહાન હોય છે. ઉત્કૃષ્ટ કાર્યોની હિમાયત કરતાં તેમણે કહ્યું કે પોતાનાં કર્મોથી માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર બને છે.

ભગવાન મહાવીરના મતે, યુદ્ધના મેદાનમાં લાખો લોકોને જીતવા પર અંતિમ વિજય એ જ છે જેણે પોતાના આત્માને જીત્યો હોય. આ પ્રસંગે ધર્મગુરુઓએ બૌદ્ધ પ્રાર્થના, ખ્રિસ્તી પ્રાર્થના, પારસી પ્રાર્થના, બહાઈ પ્રાર્થના, યહૂદી પ્રાર્થના, ગીતા પઠન, કુરાન શરીફનું પઠન, ગુરુ ગ્રંથ સાહિબનું પઠન, શબ્દ કીર્તન અને જાણીતા ગાયક પદ્મશ્રી હરિહરન દ્વારા ભક્તિ સંગીત રજૂ કરવામાં આવ્યું હતું.



**ગાંધીનગર ખાતે કલ્ચરલ ફોરમ આયોજીત ગરબા મહોત્સવમાં આઠમની મહાઆરતીની વર્ષોની પરંપરા છે. આ વર્ષે અર્ધનારેશ્વરની પ્રતિકૃતિની રચના કંડારાઈ..અલૌકિક નજારો...લગભગ ૩૫હજાર લોકો હાથમાં દીપ પ્રગટાવી મહાઆરતીમા જોડાયા હતા...જાણેકે આકાશમાંથી હજારો તારલા નીચે ધરતી પર ઉતરી આવ્યા હોય તેવો દિવ્ય અને દૈદિપ્યમાન નજારો જગમગી ઉઠ્યો હતો.....ધન્ય છે અમારી સંસ્થા ગાંધીનગર કલચરલ ફોરમ ને....................**




**આજ રોજ કડી પોલીસ સ્ટેશન ખાતે છેલ્લા પાંચ દિવસ થી ઉપવાસ પર ઉતરેલા બુડાસન ગામના બે ભુદેવો ની હત્યા ના ન્યાય મેળવવા મુખ્ય આરોપી ની ધરપકડ કરવા ૧૪/૧૦/૨૦૨૨ પહેલા ધરપકડ કરવા મિલન શુકલ સૌરાષ્ટ્ર બ્રહ્મ સમાજ, ચૈતન્ય શંભુ મહારાજ, પિયુષ રાવલ પ્રદેશ પ્રમુખ જન સંઘર્ષ વિરાટ પાર્ટી ગુજરાત રાજ્ય દ્વારા પારણા કરાવી ને અલટીમેટમ આપ્યું કે ૧૦ દિવસ માં ધરપકડ નઈ થાય તો ભુદેવો ની મોટી સંખ્યા માં કમલમ નો ઘેરાવો કરવામાં આવશે.**

## અમદાવાદમાં આકાશમાં ફાઈટર વિમાનોના કરતબ યોજાશે

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં ૧૮ ઓક્ટોબરથી ચાર દિવસનો ડિફેન્સ એક્સ્પો યોજાશે જેમાં વિશ્વભરના ફાઇટર વિમાનો અને તેની કંપનીઓ આવશે, ખાસ તો આ એક્સ્પો દરમિયાન અમદાવાદના આકાશ માં લડાકુ વિમાન ના કરતબ જોવા મળશે, જે અમદાવાદીઓ માટે મોટો લ્હાવો છે.

ગુજરાતમાં તા.૧૮ ઓકટોબરથી ચાર દિવસમાં ડીફેન્સ એકસપો યોજાશે જેમાં ભારત સહિત દુનિયાભરની શસ્ત્ર નિર્માણ કંપની આવશે આ ઉપરાંત અમદાવાદમાં સાબરમતી રીવર ફ્રન્ટ પર ફાઈટર જેટની મદદથી એર શો યોજવાની પણ તૈયારી છે જેમાં ભારતીય હવાઈદળના વિમાનો અલગ અલગ કરતુત બતાવશે.

# વિરમગામ શહેરમાં એ. પી. એમ.સી. માર્કેટ ખાતે ૐ કલા મંદિર આયોજિત ૧૫ માં બાળ ગરબા મહોત્સવમાં વેશભૂષા યોજાઈ

## વેશભૂષામાં 'બાળ મોદી' સાથે ભાજપ યુવા નેતા હાર્દિક પટેલ તથા વિરમગામ પ્રાંત અને નાયબ કલેકટરશ્રી ભાવેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા



વિરમગામ,

વિરમગામ શહેરમાં એ. પી. એમ.સી. માર્કેટ ખાતે ૐ કલા મંદિર આયોજિત ૧૫ માં બાળ ગરબા મહોત્સવ માં ભાજપ યુવા નેતા હાર્દિક પટેલ, કિંજલબેન પટેલ, વિરમગામ ના પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટર શ્રી ભાવેશભાઈ દવે,પૂર્વ તાલુકા પ્રમુખ દીપકભાઈ પટેલ, આઈ.સી. ડી. એસ. ના અધિકારી મિતાબેન જાની, શહેર સંગઠન મંત્રી પુલકિત વ્યાસ તેમજ અખંડ રાષ્ટ્રીય હિંદુ સેના ના ગુજરાત પ્રદેશ પ્રમુખ સતીષ ઠાકોર, વિશ્વ હિન્દુ પરિષદ ના જયેશ જાદવ, રણછોડ ભાઈ, મહેશ જોશી, મોનિલભાઈ વગેરે તમામ સંગઠન ના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

જેમાં બાળકોએ વિવિધ વેશભૂષા ધારણ કરી તમામ મહેમાનોને ધ્યાનાકર્ષીત કર્યા હતા. આ કાર્યક્રમ માં નવદીપભાઈ ડોડીયાએ પ્રાંત અધિકારીશ્રીનું સ્વાગત કર્યુ હતું. ભાજપના યુવા નેતા હાર્દિકભાઈ પટેલ તરફથી તમામ બાળકોને એક વિશેષ ભેટ આપવામાં આવી હતી જેમાં 'પોતાના સ્વપ્નનું વિરમગામ' નો સંદેશ આપી આગામી સમયમાં વિરમગામના વિકાસ માટે સંકલ્પ કર્યો હોવાનું જણાતું હોય તેવું દર્શાવ્યું હતું. ઉપરાંત વિવિધ પ્રકારની વેશભૂષા માં બાળકોને ગરબે રમતાં જોઈ આવા કાર્યક્રમોને વધુ પ્રોત્સાહન મળે તે માટે સતત પ્રયત્ન કરીશું તેમ જણાવ્યું હતું.

# નવલી નવરાત્રીના નવમાં નોરતે નવોન્મેષ વિચારોને પ્રોત્સાહન

રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મુજીએ ગુજરાત યુનિવર્સિટી ખાતે શિક્ષણ અને આદિજાતિ વિકાસ વિભાગના રૂ. ૧૬૪ કરોડના ૧૧ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરતા જણાવ્યું કે, ગુજરાત રાજયનું સર્વસમાવેશક વિકાસનું મોડલ આજે દેશનાં અન્ય રાજ્યો માટે પથપ્રદર્શક બની રહ્યું છે.

દેશનાં વિવિધ રાજ્યોને એકબીજાનાં વિકાસ મોડલને અપનાવીને વિકસિત રાષ્ટ્રનિર્માણ માટેની દિશામાં કાર્ય કરવા રાષ્ટ્રપતિશ્રીએ અનુરોધ કર્યો હતો.

રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મુએ દેશના મહિલા આંતરપ્રિન્યોર્સ માટે રીજ્ઞ્િછઇ્ પ્લેટફોર્મનું લોન્ચિંગ કરતા જણાવ્યું કે, ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ૪૫૦ જેટલા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ દ્વારા અનેક લોકોને રોજગારી મળી રહી છે. જેમાં વિશેષપણે ઉધોગ સાહસિક મહિલાઓ પ્રેરિત ૧૨૫ જેટલા સ્ટાર્ટઅપ્સ મહિલાઓમાં રહેલી સાહસિકતા અને નવોન્મેષ વિચારોને નવી દિશા આપી રહ્યાં છે. જેના પરિણામે સરકારી અને ખાનગી ઉપક્રમથી તેમને જોડાવામાં મદદ મળી રહી છે.

રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રયાસોથી દેશભરમાં શરૂ થયેલ સ્ટાર્ટઅપ પ્રોગ્રામના પરિણામે વર્ષ ૨૦૨૨ ના ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષ(ૈં)માં ભારત ૮૧ મા સ્થાનથી ૪૦મા સ્થાને પહોંચ્યું છે.

રાજયમાં વનબંધુ કલ્યાણ યોજના તેમજ એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ, કન્યા નિવાસી શાળાઓ કાર્યરત બનતાં આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓમાં સ્કૂલ ડ્રોપઆઉટ દર ઘટ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષા નીતિ – ૨૦૨૦ ભારતને સુપર પાવર બનાવવાની દિશામાં પહેલ છે. વિજ્ઞાન અને વિજ્ઞાન ક્ષેત્રે નવોન્મેષ સંશોધન જ શિક્ષિત ભારતથી શ્રેષ્ઠ ભારત નિર્માણમાં મદદરૂપ બનશે તેવો મત રાષ્ટ્રપતિ શ્રીએ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત રાજય દ્વારા પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં કરવામાં આવેલા વિવિધ પ્રયાસો અને તેનાથી મળેલાં પરિણામોને તેમણે બિરદાવ્યા હતા. આ પ્રસંગે તેમણે રાજયમાં ડ્રોપઆઉટ દરમાં થયેલા ઘટાડા, તેમજ વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજયની ૫૫ હજારથી વધુ શાળાઓની શિક્ષણ વ્યવસ્થા પર રીયલ ટાઈમ મોનટરીંગ કરવામાં આવી રહેલી કામગીરીની પ્રસંશા કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.